જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૦-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને આસામમાં ૧૮ હજાર કરોડના ખર્ચે થનારી પરિયોજના ન્યૂ ગેટવે ઓફ ગ્રોથનું લોકાર્પણ કર્યું

ચોકીદારની ચોકસાઈથી ભ્રષ્ટાચારીઓ હેરાન-પરેશાન થઈ ગયા છેઃ મોદી

ગૌહાટી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે પૂર્વોત્તરના ત્રણ રાજ્યો આસામ, અરુણાચલ પ્રદેશ અને ત્રિપુરાના પ્રવાસે છે. વડાપ્રધાને આસામના ગૌહાટીમાં ઉત્તર પૂર્વ માટે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે શરૂ થનારી પરિયોજના ન્યૂ ગેટવે ઓફ ગ્રોથનું લોકાર્પણ કર્યું. આ દરમિયાન તેઓએ અમીનગાંવમાં એક જાહેરસભા સંબોધિત કરતાં કહ્યું કે, આજે નોર્થ ઈસ્ટના વિકાસમાં નવો ઈતિહાસ જોડવામાં આવી રહ્યો છે. આસામ અને નોર્થ ઈસ્ટના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડના પ્રોજેક્ટસના લોકાર્પણ, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે.

રાહુલ ગાંધી પર ટાર્ગેટ કરતાં મોદીએ કહ્યું કે, સમગ્ર દેશ જોઈ રહ્યો છે કે ચોકીદારની ચોકસાઈથી કેવી રીતે ભ્રષ્ટાચારી હેરાન-પરેશાન થઈ રહ્યા છે અને સવાર-સાંજ મોદી-મોદીના નામની રટણ કરી રહ્યા છે. પીએમ મોદીએ ભારત રત્ન ભૂપેન હજારિકાને પણ યાદ કરતાં કોંગ્રેસ પર કટાક્ષ કર્યો. તેઓએ સવાલ કર્યો, 'છેવટે એવું કેમ થઈ રહ્યું છે કે કેટલાક લોકો માટે જન્મ લેતાં જ તેમના માટે ભારત રત્ન નક્કી થઈ જતો હતો અને દેશના માન-સન્માન માટે જેઓએ જીવન ખર્ચી દીધું તેમને સન્માનિત કરવા માટે દાયકાઓ લાગી જતા હતા? મને ગર્વ છે કે ભાજપની સરકારે આસામના બે સપૂતો, ગોપીનાથ બોરદોલોઈ અને ભૂપેન હજારિકાને ભારત રત્ન આપવાનું કામ કરવામાં આવ્યું છે.'



આસામમાં વડાપ્રધાન મોદીને કાળા ઝંડા બતાવી વિરોધ

શુક્રવારે સાંજે વડાપ્રધાનનો કાફલો જ્યારે ગુવાહાટી એરપોર્ટથી રાજભવન જઈ રહ્યો હતો ત્યારે વિદ્યાર્થી સંગઠ તેમજ અન્ય જૂથો દ્વારા ચાર જુદા જુદા સ્થળે કાળા ઝંડા ફરકાવીને તેમનો વિરોધ કરાયો હતો. તમામ લોકોએ સિટિઝન એમેન્ડમેન્ટ બિલના મુદ્દે પીએમ મોદીનો વિરોધ કર્યો હતો. ગુવાહાટી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ જલુકબારી વિસ્તારમાં તેમજ કૃષક મુક્તિ સંગ્રામ સમિતિ અને AJYCPએ અનુક્રમે અડાબારી અને ફેન્સી બજાર વિસ્તારમાં કાળા ઝંડા ફરકાવીને પીએમનો વિરોધ કર્યો હતો.

નાગરિકતા બિલના વિરોધ છતાં સરકાર પાછળ નથી હટવાની, જરૂરી તપાસ હાથ ધર્યા વગર કોઈને પણ નાગરિકતા નહીં અપાય, કેટલાક લોકો માટે જન્મ લેતાં જ ભારતરત્ન રિઝર્વ થઈ જાય છે, તમે ભારતના સાચા રત્નોને ન ઓળખવાની કુટિલ રમત દાયકાઓથી કેમ રમી?

બીજેપી પર કટાક્ષ કરતાં મોદીએ કહ્યું કે, BC અને AD એટલે કે બિફોર કોંગ્રેસ અને આફ્ટર ડાયનેસ્ટીને ગૌરવવાન કરનારાઓને હું આજે અહીંથી પૂછવા માંગું છું કે છવટે તમે ભારતના સાચા રત્નોને ન ઓળખવાની કુટિલ રમત દાયકાઓથી કેમ રમી? પોતાના ભાષણમાં મોદીએ કહ્યું, હાલના બજેટમાં અમે ઉત્તર પૂર્વ માટે બજેટમાં ૨૧ ટકાથી વધુનો વધારો કર્યો. આ ઉત્તર પૂર્વ માટે અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે, નાગરિકતા સંશોધનનો વિષય માત્ર આસામ યા નોર્થ ઈસ્ટ સાથે જોડાયેલો નથી, પરંતુ દેશના તેમના ભાગમાં મા ભારતી પર આસ્થા રાખનાર એવી સંતાને છે, એવા લોકો છે, જેમને તેમનો જીવ બચાવી ભારત આવું પડ્યું છે. ભલે તેઓ પાકિસ્તાનથી આવ્યો હોય, અફઘાનિસ્તાનથી આવ્યા હોય કે પછી બાંગ્લાદેશથી, આ ૧૯૪૭ પહેલા ભારતનો ભાગ હતો. જ્યારે આસ્થાના આધાર પર દેશનું વિભાજન થયું. આપણાથી અલગ થયેલા દેશોમાં જે લઘુમતી એટલે કે હિંદૂ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ખ્રિસ્તીઓ ત્યાં રહી ગયા હતા તેમને સંરક્ષણ આપવું આપણું કર્તવ્ય છે.

વડાપ્રધાને કહ્યું હતું કે, જે પક્ષો, દલબદલમાં ડુબેલા, મહામિલાવટી દળ, ભ્રમ ફેલાવવી રહ્યાં છે તેમણે ૩૬ વર્ષ સુધી આસમ સમજુતી લાગુ કરવામાં કોઈ જ ઈમાનદારી દેખાડી નથી. ૩૬ વર્ષથી તેઓ ક્યાં ઉંઘતા હતાંપ.? જે લોકો પોતાના અંગત સ્વાર્થ માટે તેમની સાથે ઉભા હતા તેનો પણ ખુલાસો થવો જોઈએ. માટે જ હું તમને એ કહેવા અહીં આવ્યો છું કે, તમારી ૩૬ વર્ષ જુની માંગણીઓ મોદી સરકાર પુરી કરશે.

ઑડિયો ટેપ પર ઘમાસાણ, કર્ણાટકના આ ખેલમાં પીએમ મોદી-શાહ પણ સામેલ

યેદિયુરપ્પા દરેક ધારાસભ્યને ૧૦-૧૦ કરોડ રૂપિયાની ઓફર કરી રહ્યા છેઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

કર્ણાટકમાં કથિત ઑડિયો ક્લીપ જાહેર થયા બાદ રાજકારણ ગરમાયું છે. શનિવારે સવારે કોંગ્રેસે પ્રેસ કોન્ફ્રેન્સ કરી ભાજપ અને પીએમ મોદી પર કેટલાય આરોપો લગાવ્યા. વરિષ્ઠ કોંગ્રેસ નેતા કેસી વેણુગોપાલે આોપ લગાવતા કહ્યું કે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની કોશિશ થઈ રહી છે. ઑડિયો ટેપનો હવાલો આપતા તેમણે કહ્યું કે બીએસ યેદુરપ્પા અમારા ધારાસભ્યોને ૧૦ કરોડ રૂપિયાની ઑફર કરી રહ્યા છે, ધારાસભ્યોના ચૂંટણી ખર્ચની વાત થઈ રહી છે.

ભાજપ પર સરકાર પાડવા માટે હોર્સ ટ્રેડિંગનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે ખુલ્લેઆમ સંવિધાનની ધજ્જિયાં ઉડાવવામાં આવી રહી છે. કેસી વેણુગોપાલે આરોપ લગાવ્યો કે યેદુરપ્પા ધારાસભ્યોના રાજીનામા બાદ ચૂંટણી ખર્ચ આપવાની વાત પણ કરી રહ્યા છે. તેમણે સ્પીકરના ધારાસભ્યોની સભ્યતા રદ કરવા માટે ૫૦ કરોડ ઑફર કર્યા હતા. તેમણે કહ્યું કે પીએમ મોદી અને અમિત શાહ કર્ણાટકની સરકારને અસ્થિર કરવાની કોશિશ કરી રહ્યા છે.

કર્ણાટક સીએમ એચડી કુમારસ્વામી અને કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયા સતત આરોપ લગાવતા રહ્યા છે કે ભાજપ તેમના ધારાસભ્યોને લાલચ આપી અને ડરાવીને સરકારને પાડવાની કોશિશ કરી રહી છે.

કેસી વેણુગોપાલે કહ્યું કે કર્ણાટકમાં સરકાર પાડવાને લઈ ચાલી રહેલ આ ખેલમાં હવે પીએમ મોદી અને અમિત શાહના સામેલ હોવાની શંકા નથી, પૂરો વિશ્વાસ થઈ ગયો છે. જ્યારે રણદીપ સુરજેવાલાએ પણ ભાજપ પર આરોપ લગાવ્યા અને કહ્યું કે પીએમ મોદી જણાવે કે ૨૦૦ કરોડની ઑફર ક્યાંથી આપવામા આવી રહી હતી?

નેશનલ હાઈવે બંધ થતાં

એન્જિનિયરિંગની એક્ઝામના ૧૭૯ વિદ્યાર્થીઓને વાયુસેનાના વિમાનમાં શ્રીનગરથી લવાયા

શ્રીનગર

બરફવર્ષા અને વરસાદના કારણે જમ્મૂ-શ્રીનગર હાઈવે ચાર દિવસથી બંધ છે. નિયમીત ઉડાન પણ રદ કરવામાં આવી છે. આ સંજોગોમાં શુક્રવારે ગ્રેજ્યૂએટ એપ્ટીટ્યૂડ ટેસ્ટ એક્ઝામ (ગેટ)ના બીજા તબક્કામાં સામેલ થનારા શ્રીનગરના ૧૭૯ વિદ્યાર્થીઓને ખાસ વિમાનથી જમ્મૂથી દિલ્હી લાવવામાં આવ્યા છે. જ્યારે સાઉદી અરબથી ઉમરા કરીને પરત આવેલા ૧૮૦ યાત્રીઓને શ્રીનગર પહોંચાડવામાં આવ્યા છે. રાજ્યપાલ સત્યપાલ મલિકે વાતને ધ્યાનમાં લઈને શ્રીનગર અને દિલ્હીમાં ફસાયેલા આવા લોકોને વૈકલ્પિક સુવિધા કરી આપવાનો આદેશ આપ્યો છે. આ વિશે રાજ્ય સરકારે કેન્દ્રીય રક્ષા મંત્રાલય પાસે પણ મદદ માગી છે. રાજ્ય સરકારના અનુરોધ પછી વિદ્યાર્થીઓને એરલિફ્ટ કરવા માટે વાયુસેનાનું ખાસ વિમાન શ્રીનગરથી જમ્મૂ લાવવામાં આવ્યું. ૧૮૦ યાત્રીઓને એર ઈન્ડિયાના વિમાનથી દિલ્હીથી પણ મોકલવામાં આવ્યા.

મીડિયા રિપોર્ટ પ્રમાણે અધિકારીઓએ જણાવ્યું છે કે, અન્ય વિદ્યાર્થીઓને બીજા તબક્કામાં લાવવાના હતા પરંતુ વાતાવરણ વધારે ખરાબ હોવાથી વિમાનને શ્રીનગરમાં ઉતારવાની મંજૂરી જ ન મળી શકી. હવે તે વિદ્યાર્થીઓને આજે એરલિફ્ટ કરાશે.

ચંદ્રાબાબુ નાયડુએ દિલ્હીની રેલીમાં લોકોને લાવવા માટે ભાડે લીધી ૧.૧૨ કરોડની બે ટ્રેન..!!

અમરાવતી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રાબાબુ નાયડુ દિલ્હીમાં ૧૧ ફેબ્રુઆરીએ એક વિરોધ પ્રદર્શન કરવાના છે. આ પ્રદર્શનમાં લોકોને તેમના રાજ્યમાંથી લાવવા માટે આંધ્ર સરકાર તરફથી ૧.૧૨ કરોડ રુપિયાની બે ટ્રેનો ભાડે લેવામાં આવી છે.

રિપોર્ટ પ્રમાણે અમરાવતીમાં શનિવારે કહ્યું હતું કે આંધ્ર પ્રદેશ સરકારે ૧૧ ફેબ્રુઆરીએ દિલ્હીમાં 'દીક્ષા રેલી'માં ભાગ લેવા જઈ રહેલા લોકો માટે બે ટ્રેનો ભાડે કરી છે. જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે સાઉથ સેન્ટ્રલ રેલવે પાસેથી ૨૦-૨૦ કંપાર્ટમેન્ચ વાળી બે ટ્રેન ૧.૧૨ કરોડ રુપિયામાં ભાડે લીધી છે. ડિપાર્ટમેન્ટ તરફથી આપવામાં આદેશ પ્રમાણે આ ટ્રેન અનંતપુર અને શ્રીકાકુલમથી નેતાઓ, સંગઠનો, એનજીઓ અને બીજા સહયોગીયોને દિલ્હી લઈ જશે, જેથી તે દિલ્હીમાં એક દિવસની દીક્ષા રેલીમાં ભાગ લઈ શકે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

આપના બંધ પડેલ જીપીએસ ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ઓફિસની ગરિમાનો ભંગ કરતા કેટલાક વિકૃતોથી કેમ બચવું?

૨૦૧૭ના માર્ચ મહિનામાં ઇન્ડિયન બાર અસોસિએશન દ્વારા કરવામાં આવેલા એક સર્વે પ્રમાણે હજી પણ લગભગ ૭૦ ટકા મહિલાઓ પોતાની સાથે ઑફિસમાં કરવામાં આવેલા અણછાજતા વ્યવહારની ફરિયાદ કરતાં ખચકાય છે. આપણા બંધારણમાં સેક્સ્યુઅલ હૅરેસમેન્ટ ઑફ વુમન ઍટ વર્કપ્લેસ ઍક્ટ, ૨૦૧૩ છે જે મુજબ કાયદાની દૃષ્ટિએ પણ સ્ત્રી પોતાની સાથે થઈ રહેલી તમામ પ્રકારની અનુચિત હરકતોનો વિરોધ કરી શકે એમ છે. બેશક, આંકડાઓ પ્રમાણે છેલ્લાં બે વર્ષમાં પોતાની જ ઑફિસમાં થયેલી સેક્સ્યુઅલ હૅરેસમેન્ટને લગતી ઓવરઑલ ફરિયાદોનું પ્રમાણ પાછલાં વર્ષોની તુલનામાં વધ્યું છે. જોકે આ આંકડા પણ કુલ ઘટનાઓની તુલનાએ ૩૦ ટકાનું પ્રમાણ જ છે. અલબત્ત, આ પ્રકારના કાયદાનો ઉપયોગ ત્યારે જ કરવાનું શક્ય છે જ્યારે પાણી માથા પરથી જતું રહ્યું હોય. જોકે કાઉન્સેલરના મતે ઘણા કિસ્સાઓમાં વર્કિંગ પ્લેસ પર કેટલાક લોકો પરોક્ષ રીતે કેટલીક હરકતો કરતા હોય છે, જેના વિશે ફરિયાદ કરીને વાતને મોટી કરવાનું મહિલાઓ અવૉઇડ કરતી હોય છે પણ એ વાત અંદરખાને તેમને ડંખતી હોય છે. એવા સમયે વાતને વળ પણ ન ચડે અને સામેવાળી વ્યક્તિને પોતાની મર્યાદા સમજાઈ જાય એ માટે શું કરવું જોઈએ? ખરેખર આ પ્રકારની માનસિકતા ધરાવતા લોકો આસપાસ હોય ત્યારે મહિલાઓની સ્થિતિ કેવી થતી હોય છે એના કિસ્સાઓ જાણીએ.



વર્કિંગ વુમનનો રેશિયો વધી રહ્યો છે ત્યારે સ્ત્રીની તરક્કીથી બળતા અથવા હજી પણ જૂની માનસિકતા પ્રમાણે સ્ત્રીઓને પગની જૂતી સમજતા કેટલાક પુરુષ-સહકર્મચારીની અણછાજતી કમેન્ટ અને અનુચિત વર્તણૂકને કેવી રીતે હૅન્ડલ કરવી એ વિશે નિષ્ણાતો સાથે વાત કરીએ

અત્ર તત્ર સર્વત્ર

આજના યંગસ્ટર્સ કરતાં પણ જે જૂની માનસિકતા ધરાવતા ઉંમરલાયક લોકો છે એ આ બાબતમાં વધુ પાવરધા હોય છે અને લગભગ દરેક વર્કિંગ પ્રિમાઇસિસમાં બે-પાંચ લોકો તો ઓછામાં ઓછા એવા હોય જેઓ તેમની સાથે કામ કરતી સહકર્મચારી મહિલાઓ તથા યુવતીઓના ફિગર, ડ્રેસિંગ કે બીજી સેક્સ્યુઅલિટીને લગતી કમેન્ટ કરીને વિકૃત આનંદ મેળવતા હોય છે. છેલ્લાં ત્રીસ વર્ષથી હાઈ કોર્ટમાં કામ કરતાં ઍડ્વોકેટ કલ્પના ગાવસકર પોતાના અનુભવોને આધારે કહે છે, ‘નાની ઑફિસથી લઈને મોટી ઑફિસમાં આવા માનસિક રીતે બીમાર લોકો હોય છે. કોર્ટના કેટલાક કર્મચારીઓમાં પણ આ પ્રકારનો વ્યવહાર કરતા લોકો મેં જોયા છે. જોકે આવા લોકો મોટે ભાગે પોતાના જેવા બીજા પુરુષો સાથે જ ગમ્મત કરીને પોતાની છૂપી વિકૃતિઓને સંતોષતા હોય છે. દરેક વખતે કાયદાની આડશ કામ આવતી નથી, કારણ કે કાયદાની આંટીઘૂંટીઓનો દુરુપયોગ પણ કરનારા લોકો છે. ફસાઈ જનારા લોકો કાયદાને મચકોડીને પોતાના હિતમાં ફેરવીને છટકી પણ શકતા હોય છે. વકીલ હોવા છતાં આ મારે કહેવું પડી રહ્યું છે.’

રીઍક્ટ ક્યારે કરવું?

આજે દરેક ઑફિસમાં સેક્સ્યુઅલ હૅરેસમેન્ટ સેલ છે, પરંતુ એ પછી પણ ત્યાં સુધી જવાની હિંમત મહિલાઓ નથી દર્શાવી શકતી; કારણ કે આજે પણ આપણે ત્યાં રેપ કરનારી વ્યક્તિ કરતાં રેપ જેના પર થયો છે એ વ્યક્તિ વધુ બદનામ થતી હોય છે જ્યારે આ પ્રકારના કિસ્સાઓ બહાર આવે છે. આ મુદ્દા પર વધુ સ્પષ્ટ થતાં જાણીતાં સોશ્યલ વર્કર સોનલ શુક્લ કહે છે, ‘આજે હું દરેક વર્કિંગ અથવા તો નૉનવર્કિંગ મહિલાને એટલું જ કહીશ કે જો તમે નક્કી કરેલી મર્યાદારેખા ક્રૉસ કરીને અણછાજતું વર્તન કોઈ કરી જાય તો ચૂપ ન રહો અને તે વધુ જોખમી બને એવો છૂટો દોર તેને ન આપો. ફરિયાદ કરો. પરંતુ ઘણી વાર એવું બને કે કોઈક વ્યક્તિ બડબડ કરીને કંઈક બોલે અથવા તમારી પીઠ પાછળ તમને પૉઇન્ટ આઉટ કર્યા વિના તમારા પર પરોક્ષ કમેન્ટ કરે તો એની ઉપેક્ષા કરીને શાંત ક્રોધ દર્શાવી દો. કૂતરાઓ ભસે એ રીતે તેને ઇગ્નોર કરો. તેની આ બાયલાવૃત્તિ પર રીઍક્ટ કરીને એ વ્યક્તિને વધુપડતું મહત્વ આપવાની જરૂર નથી. શાંત તિરસ્કાર ઘણી વાર બહુ મોટું રીઍક્શન બની શકતો હોય છે. જોકે તમારું દરેક રીઍક્શન એ ઘટના પર આધાર રાખે છે. ચાન્સમારુ ટાઇપના લોકો આસપાસ હોવાના જ, પરંતુ તેમની હરકત કેવી અને કેટલી તીવ્ર છે એને અનુસરીને કેવું અને કેટલું રીઍક્ટ કરવું એનો આધાર રહેલો છે. એ આખી બાબત સબ્જેક્ટિવ છે એટલે એના માટે કોઈ યુનિવર્સલ સ્ટેટમેન્ટ આપવું યોગ્ય નહીં ગણાય.’

સ્ટ્રેસનું મહત્વનું કારણ

બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ કહેતા કે જો તમે તમારી આસપાસ અને પાછળ ભસતા દરેક કૂતરા પર પથ્થરો ફેંકવા રોકાશો તો તમારી મંજિલ પર પહોંચવામાં મોડું થઈ જશે. વર્કપ્લેસ મિસબિહેવિયરમાં આ વાત સ્વીકારવાની સલાહ સાઇકોલૉજિસ્ટ અને કાઉન્સેલર ડૉ. ગૌરવ કુલકર્ણી આપે છે. તેઓ કહે છે, ‘વર્કપ્લેસ પર જેન્ડરને કારણે થતી વિકૃત કમેન્ટની પણ મહિલાઓ પર ખૂબ ઊંડી અસર પડતી હોય છે. એક-બે કિસ્સા કહું. મારી પાસે ૨૪ વર્ષની યુવતી આવેલી. તે ઍડ્વર્ટાઇઝિંગ કંપનીમાં કામ કરતી હતી અને તેને એક પ્રોજેક્ટ માટે ૧૫ જણની ટીમમાં લેવામાં આવી. આખી ટીમમાં તે એકલી જ મહિલા હતી અને બાકીના ૧૪ જણ પુરુષો. પુરુષો આપસમાં વાતો કરે, તેનાં કપડાં માટે કમેન્ટ કરે. ક્યારેક સેક્સ્યુઅલ કમેન્ટ પણ કરે અને સ્ત્રી તરીકે તે ધારે તો બૉસને પટાવીને પોતાને ગમતું કરાવી શકે એ હદ સુધી વાત કરે. તેણે શરૂઆતમાં પોતાનો અણગમો વ્યક્ત કર્યો, પણ સામે ૧૪ જણની યુનિટીને કારણે તેના અણગમાની અસર ન થઈ. એ પ્રોજેક્ટ પૂરો થયો, પણ એ આખા સમયગાળાની બહુ ઘેરી અસર પેલી યુવતી પર રહી. તેને ઍન્ગ્ઝાયટીના પૅનિક અટૅક આવવા માંડ્યા. એની ટ્રીટમેન્ટ માટે જ તે મારી પાસે આવતી હતી. જોકે આખી વાત ખબર પડી ત્યારે એનું કારણ મળ્યું. તેની સ્થિતિ એવી થઈ ગયેલી કે ચાર પુરુષોને વાત કરતા જુએ અને હસતા જુએ તો પણ તે ગભરાઈ જતી અને પૅનિક થતી. સ્ત્રીઓ ઘણી વાર આ બધી બાબતોમાં ખૂબ ઇમોશનલી હર્ટ થતી હોય છે અને એની અસર તેમની માનસિક સ્થિતિ પર પણ પડતી હોય છે. બીજી એક વાત કે મારી પાસે આવેલા કિસ્સાઓમાં મેં ઑબ્ઝર્વ કર્યું છે કે ઘણીખરી ઑફિસમાં સ્ત્રીઓની સફળતા માટે તેના સૌંદર્ય અને અદાઓને જવાબદાર માનીને અભદ્ર કમેન્ટ કરવામાં આવે છે અને તેમની ટૅલન્ટને ડિસ્કાઉન્ટ કરવામાં આવે છે. આજની પ્રોફેશનલ સ્ત્રીઓને એ વાત ડિપ્રેશન સુધી લઈ જઈ રહી છે.’

ફિલ્મસ્ટારો જેવા સિક્સ પૅક્સ બનાવવાનો ક્રેઝ ટીનેજમાં જોખમી

ટીનેજર્સમાં આજકાલ બે અંતિમો જોવા મળે છે. કાં તો કિશોર-કિશોરીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જરાય સભાન નથી અને બેફામ જન્ક-ફૂડ ખાઈને અત્યંત આળસભરી બેઠાડુ જિંદગી જીવે છે કાં પછી ફિલ્મી અસર એટલી માથે ચડી ગઈ હોય છે કે ટીનેજમાં જ સિક્સ પૅક ઍબ્સ બનાવીને સૌથી સ્માર્ટ, હૅન્ડસમ દેખાવાનું ચેલું લાગેલું હોય છે. ખાસ કરીને છોકરાઓની વાત કરીએ તો તેમને સલમાન ખાન, શાહરુખ ખાન, હૃતિક રોશન, સોનુ સૂદની જેમ છ ખાનાં પડે એવું પેટ જોઈતું હોય છે. હીરો-હિરોઇનો કલાકો સુધી જિમમાં મશીનો પર શરીરને કેળવે છે એવું સાંભળીને તેમને પણ બૉડી બનાવવાનું મન થાય છે. આવા સમયે પેરન્ટ્સની અવઢવ વધી જાય છે કે સંતાનોને કાચી વયે જિમમાં બૉડી બનાવવા મોકલવા કે ન મોકલવા? એનાથી શું ખરેખર તેમને ફાયદો થશે? કે પછી ઊલમાંથી ચૂલમાં પડ્યા જેવું થશે? કદાચ સ્લિમિંગ પિલ કે અન્ય અખતરાઓ કરવાની બાબતમાં તો પેરન્ટ્સ પણ સ્પષ્ટ હોય છે કે બીજા શૉર્ટકટ્સ સંતાનો માટે હેલ્થી નથી, પણ જિમ એવી બાબત છે જે હેલ્થી ઑપ્શન મનાય છે. ક્યાંક હરખઘેલા પેરન્ટ્સને સંતાનોને મૉડલ જેવા બનાવવાની ઇચ્છા હોય છે પણ આ જિમમાં જઈને મોંઘાદાટ પ્રોટીન-શેક, ફૅટ-બર્નર્સ અને સપ્લિમેન્ટ્સના ખર્ચા વગેરે પોસાતા નથી એટલે સવાલ કરે છે કે સંતાનોને કઈ ઉંમરથી અને કેટલું જિમિંગ કરાવવું? ૧૩-૧૪ વર્ષનાં છોકરાંઓ પણ પોતાની આળસને કારણે વધેલા શરીરને જિમમાં જઈને ટ્રિમ કરવાના અભરખા સેવે છે જે તદ્દન યોગ્ય નથી એવો મત ધરાવતાં ફિટનેસ-એક્સપર્ટ અને ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, ‘મારી પાસે ઘણા ટીનેજર્સ આવે છે જેમને મૉડલિંગ કરવું હોય છે અથવા તો ફિલ્મસ્ટારો જેવું ફિઝિક બનાવવું હોય છે. ટીનેજમાં ફિટ રહેવું હોય અને ફિઝિકલ ગ્રોથને નૅચરલ રાખવો હોય તો જિમ જવું જરાય જરૂરી નથી. રાધર જવામાં ઘણા જોખમો રહેલાં છે. આ જોખમો ટીન્સને તો નથી સમજાવાનાં અને એટલે જ પેરન્ટ્સે આ બાબતમાં રસ લઈને સમજવું જોઈએ અને સંતાનોને સમજાવવા જોઈએ.’



પ્યુબર્ટી-એજ દરમ્યાન શરીર ગ્રોથના તબક્કામાં હોય ત્યારે વેઇટ-ટ્રેઇનિંગ, પ્રોટીન-શેક, ફૅટ-બર્નર્સ અને ડાયટ-સપ્લિમેન્ટ્સ જેવી કૃત્રિમ રીતને બદલે બને એટલી નૅચરલ પદ્ધશક્રિયા ફૉલો કરશો તો સરળતાથી ફિટ ઍન્ડ ફાઇન રહી શકાશે

વેઇટ-ટ્રેઇનિંગ

જ્યારે સિક્સ પૅક ઍબ્સ બનાવવી હોય તો વેઇટ-ટ્રેઇનિંગ તો કરવી જ પડે એવી માન્યતા છે. સામાન્ય લોકોની જ નહીં, અધકચરું જ્ઞાન ધરાવતા જિમ-ઇન્સ્ટ્રક્ટર્સ પણ આવું માને છે. આ બાબત ક્યારેક ટીનેજર્સની હેલ્થ માટે અવળી પડી શકે છે. ટીનેજ દરમ્યાન કિશોરોના વિકાસનો તબક્કો સમજાવતાં યોગિતા ગોરડિયા કહે છે, ‘છોકરાઓમાં સામાન્ય રીતે ૧૩-૧૪ વર્ષે પ્યુબર્ટી-એજ શરૂ થાય. પ્યુબર્ટીના બદલાવો છેક ૧૮-૧૯ વર્ષ સુધી ચાલે છે. આજકાલના બૉય્ઝને હાઇટ વધારવી હોય છે. એ માટે ફિઝિકલ ઍક્ટિવિટી બહુ જરૂરી છે, પરંતુ જો આ સમયગાળા દરમ્યાન તમે જિમમાં જઈને વેઇટ-ટ્રેઇનિંગ કરવા માંડો તો એનાથી વિપરીત અસર થઈ શકે. જ્યાં સુધી હાઇટ વધતી હોય ત્યાં સુધી બૉડીના તમામ બોન્સ પૂરેપૂરા ડિફ્યુઝ થઈને મજબૂત થયા નથી હોતા. એવા સમયે વેઇટ-ટ્રેઇનિંગ વધુ કરવામાં આવે તો એ હાડકાંના ગ્રોથ અને જૉઇન્ટ્સ બન્નેને નુકસાન કરી શકે છે. પ્યુબર્ટી દરમ્યાન હૉર્મોનલ ડેવલપમેન્ટ થઈ રહ્યું હોય છે. આ એવો તબક્કો છે જેમાં સંતાનો ઇમોશનલી, મેન્ટલી, ફિઝિકલી પૂરેપૂરાં સેટલ્ડ નથી હોતાં. આ સમયે બનેએટલી પૉઝિટિવ એનર્જી મળે તો ગ્રોથ સરસ થાય છે. ટીન્સને ગ્રુપમાં કરવાની હોય એવી ફિઝિકલ ઍક્ટિવિટીઝમાં જોતરવાથી બેસ્ટ ફાયદો થાય છે. જિમની ચાર દીવાલોની વચ્ચે તેમને એ પૉઝિટિવ એનર્જી નથી મળતી. એના બદલે સ્વિમિંગ, સાઇકિલિંગ, ટેનિસ, ફુટબૉલ, વૉલીબૉલ, બાસ્કેટબૉલ જેવી આઉટડોર અને ગ્રુપ-ઍક્ટિવિટીઝથી શરીર અને મન બન્નેનો નૅચરલ વિકાસ થાય છે.’

કન્ટિન્યુ નહીં રાખો તો મુશ્કેલી

ટીનેજમાં વેઇટ-ટ્રેઇનિંગ અને જિમ તો જ કરવા જોઈએ જો તમે એ જિંદગીભર અટક્યા વિના ચાલુ રાખવાના હો, નહીતર એ પછી તમારું શરીર સાવ અદોદળું થઈ જઈ શકે છે. એનું કારણ સમજાવતાં યોગિતા ગોરડિયા કહે છે, ‘ટેન્થ-ટ્વેલ્થ દરમ્યાન તમે મસલ્સ બનાવી લો અને પછી હાયર સ્ટડીઝ કરો ત્યારે આપમેળે એ બધું છૂટી જવાનું અથવા તો ઘટી જવાનું છે. લાંબા કલાકો વાંચવા બેસી રહેશો એટલે શરીરમાં ચરબીનો વધારો થવાનો. તમે સપ્લિમેન્ટ્સ લઈને ઑલરેડી તમારી મેટાબૉલિઝમ ધીમી પાડી દીધી છે અને હવે વર્કઆઉટ નહીં કરો તો ખાધેલું ચરબીમાં જમા થઈને પેટ, નિતંબ અને બાવડાં પર ટાયર બનીને ફેલાવા લાગશે. અભ્યાસનું સ્ટ્રેસ અને બલૂનની જેમ ફૂલી ગયેલી બૉડી એવા સમયે અનેક યુવાનોમાં ઇન્ફીરિયૉરિટી અને ડિપ્રેશન લાવે છે.’

ડાયટ અને સપ્લિમેન્ટ્સ

જ્યારે ફ્લૅટ અને પૅકવાળી ઍબ્સ બનાવવી હોય તો માત્ર વર્કઆઉટનું જ નહીં, ડાયટ-સપ્લિમેન્ટ્સનું પણ ધ્યાન રાખવું બહુ જરૂરી હોય છે. અગેઇન આ ઉંમરે ઘણીબધી ગેરમાન્યતાઓ ટીન્સમાં હોય છે. એ વિશે યોગિતા ગોરડિયા કહે છે, ‘જિમમાં જાઓ અને તમારે પેટના મસલ્સ બનાવવા હોય એટલે તરત જ હાઈ પ્રોટીન-ડાયટ પર ચડાવી દેવામાં આવે છે. એ ઉપરાંત ઝડપથી રિઝલ્ટ મેળવવા માટે ફૅટ-બર્નર્સ, વે પ્રોટીન, ઍમિનો ઍસિડ્સનાં સપ્લિમેન્ટ્સ આપવામાં આવે છે. ટીનેજમાં આ ખૂબ જ જોખમી છે. જે ટ્રેઇનર્સ આ ગોળીઓ પ્રિસ્ક્રાઇબ કરે છે તેમને ટીનેજ બૉડીને કેવી રીતે ટ્રેઇન કરવી એનું ભાગ્યે જ જ્ઞાન હોય છે. આપણા ગુજરાતીઓનો બાંધો વધુ મસલમાસ નથી ધરાવતો એટલે ટીન્સ ઝડપથી મસલ્સ બનાવવા માટે નૉનવેજ અને ઈંડાં ખાવા તરફ વળે છે. હજી શારીરિક વિકાસ થઈ રહ્યો હોય ત્યારે કાર્બોહાઇડ્રેટ બંધ કરીને હાઈ પ્રોટીન શરૂ કરી દેવાથી કુદરતી ગ્રોથ અટકી જઈ શકે છે. કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ ઓછું ઘટાડવાથી ટીનેજર્સના ફિઝિકલ, મેન્ટલ અને ઇમોશનલ ગ્રોથમાં અવરોધો પેદા થાય છે. ફૅટ-બર્નર્સ, પ્રોટીન-શેક કે સપ્લિમેન્ટ્સની ટીનેજર્સને જરૂર જ નથી કેમ કે આ ઉંમરે નૅચરલી જ તેમની મેટાબૉલિઝમ હાઈ હોય છે. સપ્લિમેન્ટ્સ લઈને તમે શરીરની કુદરતી ક્ષમતાઓને હણી નાખો છો. હકીકતમાં આ એવો તબક્કો છે જેમાં આપણે બને એટલું નૅચરલી બૉડીને ટ્રીટ કરીએ અને સમજણપૂર્વકની ફિઝિકલ ઍક્ટિવિટી પસંદ કરીએ તો ઓછી મહેનતે આસાનીથી ફ્લૅટ ટમી મેળવી શકાય એમ છે. તમે જોયું હોય તો મશીન-વર્ક કરીને શરીરને લોખંડ જેવું સખત બનાવનારા લોકોની બૉડીમાં હૉર્મોનલ બદલાવો પણ થાય છે જેને કારણે ખૂબ નાની ઉંમરે ચહેરા પરની નમણાશ જતી રહે છે. ઘણા ટીન્સ એવું વિચારે છે કે આપણે આટલું વર્કઆઉટ તો કરીએ છીએ એટલે જન્ક ખાઈએ તો ચાલે, પણ એનાથી બૉડીને ડબલ માર પડે છે. મશીન વર્કઆઉટ અને વેઇટ-ટ્રેઇનિંગ કરવાથી ચરબીની સાથે મસલ્સ પણ તૂટતા હોય છે. જો કસરતની સાથે યોગ્ય, સંતુલિત, હેલ્થી ડાયટ ન લેવામાં આવે તો તમે ચરબીની સાથે મસલ્સ પણ ગુમાવી બેસો છો.’

તો કરવું શું?

મેન્ટલી, ફિઝિકલી અને ઇમોશનલી બધી જ રીતે ફાયદો થાય એ માટે સંતુલિત કસરત અને આહારની જરૂર છે. યોગિતા ગોરડિયા પાસેથી એ માટેની ટિપ્સ જોઈએ.

સ્પોર્ટ્સ-ટ્રેઇનિંગ લેશો તો એમાં પણ ફિઝિકલ સ્ટ્રેન્ગ્થ વધે છે. સાઇકિલિંગ, સ્વિમિંગ, ફૂટબૉલ, ટેનિસ, વૉલીબૉલ, બાસ્કેટબૉલ અને એના જેવી કોઈ પણ આઉટડોર અને ગ્રુપ-ઍક્ટિવિટીઝ કરવી.

ટમી ફ્લૅટ અને પૅકવાળું બનાવવું હોય તો સૌથી પહેલાં તો બેસવા-ઊભા રહેવાનો પૉ●ર સુધારવો જરૂરી છે. વાંચતી-લખતી વખતે ટ્રૅાર પો●ર જાળવશો તોય અડધું કામ થઈ જશે.

હાઇટ વધે એ માટે મસલ્સ ફ્લેક્સિબલ હોવા જોઈએ. એ માટે પૂરતું પાણી પીવું કેમ કે મસલ્સને વધવા માટે પૂરતું ફ્લુઇડ બૉડીમાં હોવું જરૂરી છે.

સમયસર સૂવું, પૂરતી ઊંઘ લેવી અને સમયસર ઊઠવું એ બહુ જ ઇમ્પોર્ટન્ટ છે. કૅલરી ઓછી ખાઈને વજન ઘટાડવાની આદત સાવ જ ખોટી છે. તમે જો ટીનેજમાં જરૂર કરતાં ઓછી કૅલરીની શરીરને આદત પાડી દેશો તો એ પછી જ્યારે તમે કૅલરી ઇનટેક વધારશો એટલે બૉડી વધવા લાગશે. યંગ એજમાં મેટાબૉલિઝમ હાઈ હોય છે ત્યારે કૅલરી ઘટાડવાની ભૂલ ન કરવી.

કસરત એટલી જ કરવી જે કર્યા પછી તમને ફ્રેશ અને ઍક્ટિવ ફીલ થાય. તમે સાવ થાકીને લૂઝ થઈ જાઓ અને ઢળી પડો એ લેવલ સુધી ફિઝિકલ ટ્રેઇનિંગ કદી ખેંચો નહીં. તમારી બૉડીની સહનશક્તિ વધારવા માટે એને માત્ર ટૉર્ચર કરવાની નહીં, થોડુંક પંપાળવાની પણ જરૂર છે.

જૂનાગઢ જિલ્લામાં સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ઉપવાસ/ધરણા સુત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસનો ભાવવધારા, મોંઘવારી જેવા વિવિધ રાજકીય પક્ષો દ્વારા વિરોધ, વિવિધ સામાજીક સંગઠનોનાં પ્રશ્નો, ખેડુત સંગઠનો દ્વારા ખેત પેદાશોનાં પોષણક્ષમ ભાવ મળવા અને ખેડુતોનાં વિવિધ પ્રશ્ને/ધર્મ/સામાજીક/જાતિ અંગે વાયરલ કરવામાં આવતા મેસેજોથી નારાજ સમાજનાં લોકો દ્વારા જિલ્લા તેમજ સ્થાનિક/તાલુકા કક્ષાએ આવેલ વિવિધ સરકારી કચેરીઓ સમક્ષ રજુઆતના બહાને ઉપવાસ, ધરણા, દેખાવો, સુત્રોચ્ચાર જેવા કૃત્યો કરી પોતાનો વિરોધ દર્શાવતા હોય છે. તેમજ હાલમાં અરજદારો તેઓનાં અંગત પ્રશ્ને અવારનવાર આત્મવિલોપન કરવા જેવી ચીમકીઓ આપતા હોય, સરકારી કચેરીનાં પરીસરમાં તેમજ તેની આસપાસમાં બેસી જવાથી સફાઇનાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ઘોંઘાટ થાય છે. સરકારી કચેરીઓમાં રોજીંદી કાર્યવાહીમાં રૂકાવટ ઉભી થતી હોય છે. તેઓ દ્વારા અતીક્રમણ કરી કચેરીઓને બાનમાં લઇ અને સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડવાની શકયતાઓ પણ રહે છે. આવા પ્રસંગે તેઓને ખસેડવા બળનો પ્રયોગ કરવાની ફરજ પડે જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉદભવે છે. જેથી તે બાબતોનું નિયમન કરવા આવી પ્રવૃતિઓ નિવારી શકાય તે માટે ફોજદારી કાર્યરિતી અધિનીયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં આવતા વિસ્તારમાં કોઈએ ઉપવાસ ધરણાં પર બેસવું નહી જાહેર સુલેહ શાંતિ જોખમાય તે રીતે સૂત્રોચ્ચાર કરવા નહી કોઈ પણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવાં હથિયાર સાથે પ્રવેશ કરવો નહી. કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો રાખવાની નહી, ચાર કે તેથી વધુ માણસો એ ભેગા થવું નહી કે અતિક્રમણ કરવું નહીં સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી કચરો કરવો નહીં તે મતલબનું મનાઇ ફરમાવતું એક જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ડી.કે.બારીઆએ તેમને મળેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નંબર-૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે આ જાહેરનામું ૬/૨/૧૯ થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

ગેરકાયદે બોકસાઈટ ખનીજના સંગ્રહ બદલ રૂ.૧૩.૮૧ લાખનો દંડ વસુલાયો

માંગરોળ તાલુકાના ચોટીલી વીરડી ગામે શ્રી નારણભાઈ ભલુભાઈ ચાવડા રહે. ચોટીલી વીરડી તા.માંગરોળના પોતાની માલિકીની જમીન સ.નં. ૧૪/૨ માટે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જુનાગઢના તા.૧૩-૬-૨૦૧૮ના હુકમથી ચોટીલી વીરડી ગામના તળાવમાંથી માટી કાંપ ઉપાડવાની પરવાનગી અન્વયે નીકળેલી બોકસાઈટ ખનીજ ૧૫૮૬ મે.ટન પોતાની માલીકીની જમીનમાં ગેરકાયદેસર રોયલ્ટી પાસ વગર સંગ્રહ કરતા ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ જૂનાગઢના તપાસ અન્વયે નિયમો મુજબ રૂ.૧૧૪૧૯૨૦ની દંડનીય વસુલાત તેમજ પર્યાવરણ વળતર પેટે રૂ.૨,૩૯,૮૦૩ની વસુલાત કરવામાં આવેલ છે તેમ ભુસ્તરશાસ્ત્રી જૂનાગઢ દ્વારા જણાવાયું છે.

જૂનાગઢ જિલ્લાનાં બોટ માલીકોએ બોટ ગુમ થાય કે સંપર્ક ના થતો હોય તો સરકારી એજન્સીને સવિગત જાણ કરવી ફરજીયાત

જૂનાગઢ

જિલ્લામાં આવેલ ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે. અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૧૩નાં રોજ મુંદ્રા બંદરથી નૈશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી રહે બન્ને મોટા સલાયા તા. માંડવીવાળાની માલીકીનું વહાણ સ્ઝફ સલાયા ઓમાન જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતુ. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૨-૧-૨૦૧૪ના રોજ વહાણનું સોમાલીયન ચાચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઇ એજન્સીને કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ના હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહ્યુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણનાં ક્રુમેમ્બરનો રાષ્ટ્રવિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જ્યારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર /સાંચીયાઓ દ્વારા અપહરણ થવાનાં કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચીત સમયગાળા બાદ ના થતો હોય તો તે બાબતોની જાણ સંબંધિત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવા જૂનાગઢ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યરીતીઅધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪નાનં-૨)ની કલમ ૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આદેશ ફરમાવેલ છે. આદેશ મુજબ વહાણ બોટ માલીકોએ સાત કોલમમાં વિગતો રજુ કરવી ફરજીયાત છે. જેમાં પ્રથમ ક્રમ, બીજા કોલમમાં વહાણ બોટનું નામ તથા નંબર, ત્રીજા કોલમમાં વહાણ બોટ માલીકનું નામ તથા સરનામુ તથા સંપર્ક નંબર,ચોથા કોલમમાં વહાણ/બોટમાં રવાના થયેલ ટંડલ ખલાસીઓનાં નામ તથા સરનામાની વિગતો, પાંચમાં કોલમમાં વહાણ/બોટ રવાનાં થયાની તારીખ સમય અને સ્થળ, છઠ્ઠા કોલમમાં વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ, સાતમાં કોલમમાં અન્ય જરૂરી વિગતો સાથે સરકારી તંત્ર અને સંબંધિત એજન્સીને જાણકારી આપવી ફરજીયાત છે. હુકમનો ભંગ ભારતીય દંડ સંહિતાની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૧૨ ફેબ્રુઆરીએ રાણપુરમાં ભાવનગર, અમરેલી, બોટાદ જીલ્લાનો ગાંધી મેળો યોજાશે

બોટાદ જીલ્લાના રાણપુરમાં આગામી ૧૨ ફેબ્રુઆરી ના રોજ ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ(ઉની ખાદી કેન્દ્ર) રાણપુર ખાતે ભાવનગર,અમરેલી,બોટાદ જીલ્લાની રચનાત્મક સંસ્થાઓ દ્વારા એક દિવસીત ગાંધી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે.પૂ.મહાત્મા ગાંધીજની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાનાર આ ગાંધી મેળો ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (ઉની ખાદી સંસ્થા)રાણપુર ખાતે યોજાશે આ ગાંધી મેળામાં સ્કુલ,કોલેજ ના વિદ્યાર્થીઓ ઉપરાંત દરેક સમાજના આગેવાનો,ગ્રામજનો દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવશે ગાંધી મેળામાં રાણપુરની ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ(ઉની ખાદી કેન્દ્ર), ગાંધી સ્મૃતી ખાદી ગ્રામો મંડળ ભાવનગર,ગ્રામ નિર્માણ સમાજ મહુવા જી. ભાવનગર,કુંડલા તાલુકા ગ્રામો. સેવા મંડળ સાવરકુંડલા જી.અમરેલી, સૌરાષ્ટ્ર ગ્રામ વિકાસ ટ્રસ્ટ સિહોર જી.ભાવનગર,લોક સેવક સંઘ થોરડી તા.સાવરકુંડલા જી.અમરેલી,સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્યોગ દ્વારા ટ્રસ્ટ ગ્રામોદ્યોગ મંડળ ગઢડા જી.બોટાદ,બાળ કેળવણી મંદીર બગસરા જી.અમરેલી કાઠીયાવાડ ખાદી મંડળ-ચલાલા,સર્વોદય સરસ્વતી મંદીર બાબાપુર,લોકસેવા સમિતી ટ્રસ્ટ સજીયાવદર તથા લોક સેવા ટ્રસ્ટ સંચાલીત કન્યા વિદ્યાલય વળવડ સહીતની ભાવનગર, અમરેલી અને બોટાદ જીલ્લાની સંસ્થાઓ ગાંધી મેળામાં ભાગ લેશે ગાંધી મેળા પ્રસંગે ગુજરાત ખાદી બોર્ડના ચેરમેન કુશળસિંહ પઢેરીયા-અધ્યક્ષ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ ઉપરાંત સ્ટેટ ડાયરેક્ટ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન સહીતનાની હાજરીમાં ગાંધી મેળાને ખુલ્લો મુકશે ગાંધી મેળા પ્રસંગે ગાંધીજીના જીવન ચરિત્ર સંવાદો ગાંધી વિચારેલ ઉપરાંત શાસ્ત્રોને રચનાત્મક કામગીરી અને ગાંધીજીના જીવન અંગે માર્ગદર્શન અપાશે આ પ્રસંગે આખો દિવસ કાર્યક્રમોનુ દબદબાપુર્વક આયોજન કરવામાં આવ્યુ છે અને આ ગાંધી લોકમેળા ની તડામાર તૈયારી રાણપુર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ(ઉની ખાદી સંસ્થા) દ્વારા કરવામાં આવી રહી છે.











તંત્રી સ્થાનેથી...

વ્યાજના દરોમાં ઘટાડો

રિઝર્વ બેંકના નવા ગવર્નર શક્તિકાંત દાસના નેતૃત્વમાં પ્રથમ વખત યોજાયેલી નાણાંકીય નિતી સમીક્ષાની બેઠકમાં અથવા તો એમપીસીની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. દેશની આર્થિક ગતિવિધીમાં તેજી લાવવાના હેતુથી આ નિર્ણયને ખુબ ઉપયોગી અને દુરદર્શી તરીકે ગણી શકાય છે. કારોબારી માહોલમાં સુધાર કરવા માટે રિઝર્વ બેંક પાસેથી સતત એવી અપેક્ષા કરવામાં આવી રહી હતી કે તે વ્યાજ દરમાં કાપ માટેનો રસ્તો અપનાવે. જો કે અર્થ વ્યવસ્થાના જુદા જુદા વિરોધાભાસી સંકેતોના કારણે ટોચની બેંક હાલમાં સાવધાનીપૂર્વક પગલા લઈ રહી હતી. સાથે સાથે વ્યાજદરમો નિર્ણયને ટાળી રહી હતી. જો કે આખરે હવે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આરબીઆઇના નિર્ણયને સરકાર વધારે પડતી સાવધાની તરીકે જોઈ રહી હતી. જો કે તે પહેલા એમ માનવામાં આવી રહ્યુ હતુ કે તેમના આગમનની સાથે સ્થિતીમાં ફેરફાર થશે. જો કે ઉર્જિત પટેલ વધારે પડતી સાવધાની સાથે આગળ વધ્યા હતા. આ વખતે પણ બેઠક શરૂ થઈ ત્યારે રેટમાં કાપના કોઈ સંકેત મળી રહ્યા ન હતા. જો કે શક્તિકાંત દાસના નેતૃત્વમાં આખરે બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. એમપીસીની બેઠકમાં રિઝર્વ બેંકના વલણને દબાણવાળી શ્રેણીમાંથી દુર કરીને તટસ્થવાળી શ્રેણીમાં મુકી દેવામાં આવ્યા બાદ તેની વધારે ચર્ચા જોવા મળી રહી છે. જો કે આ બાબત ગળે ઉતરતી નથી કે શ્રેણીમાં ફેરફાર તો સર્વસંમતિ સાથે કરવામાં આવ્યા પરંતુ રેટમાં કાપને લઈને સર્વસંમતિથી નિર્ણય કેમ કરી શકાયો ન હતો. રેપો રેટમાં ફેરફાર ૪-૨ની બહુમતિ સાથે કરવામાં આવ્યો હતો. રવિન્દ્ર ઢોળકિયા અને પામી દુઆ, માઇકલ પાત્રા અને શક્તિકાંત દાસે વ્યાજદરમાં ઘટાડો કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જ્યારે ચેતન ઘાટે અને વિરલ આચાર્યે આનો વિરોધ કર્યો હતો. ગવર્નર દાસે ગયા મહિનામાં જ સંકેત ચોક્કસપણે આપ્યો હતો કે જો મોંઘવારીના દરો નિયંત્રણમાં રહેશે તો વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવી શકે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જો આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ઘટાડો કરવામા આવ્યા બાદ બેંકો પણ આનો લાભ ગ્રાહકોને આપશે તો લોન સસ્તી થઈ જશે. જો કે છેલ્લા કેટલાક સમયથી બેંકો આને લઈને ખચકાટ અનુભવ કરે છે. ખાદ્ય ચીજ વસ્તુઓમાં મોંઘવારીનો દર તો નીચો રહ્યો છે પરંતુ અન્ય પ્રમુખ ક્ષેત્રોમાં મોંઘવારી ઉંચાઈ પર છે. જેમાં બિન ખાદ્ય ચીજોનો સમાવેશ થાય છે. સાથે સાથે બિન ફ્યુઅલની વસ્તુઓ પણ સામેલ છે. કેટલાક નકારાત્મક માહોલ છતાં આરબીઆઈના પગલાથી કેટલાક અંશે આશ્ચર્ય થાય તે સ્વભાવિક છે. જો કે કારોબારી માહોલમાં તેજી લાવવા માટે આ પગલા સ્વાગતરૂપ છે. આગામી દિવસોમાં જુદા જુદા ક્ષેત્રોમાં તેની અસર જોવા મળી શકે છે. તેજી આવશે. લોકસભા ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે કારોબારીઓની સ્થિતી વધારે મજબુત કરવાના હેતુથી પણ આ પહેલને જોવામાં આવે છે. વ્યાજદરમાં ઘટાડાનુ ચોક્કસપણે સ્વાગત થવુ જોઈએ.

રેપો રેટનો લાભ બેંકો લોકોને આપશે તો પહેલાની સરખામણીમાં લોન સસ્તી રહેશે

કોંગ્રેસની વધુ એક કમનસીબ ચાલ



ત્રિપલ તલાકને ખતમ કરવાની વાત કરી કોંગ્રેસે સાબિતી આપી... મુસ્લિમ સમુદાયને ખુશ કરવાની રાજનીતિ ચરમ સીમા પર છે ત્યારે મુસ્લિમ પુરૂષોને પ્રભાવિત કરવાની કોંગ્રેસની શરમજનક ચાલ

મુસ્લિમ સમુદાયને રાજી કરવાની રાજકીય ગરમી હાલમાં ચરમસીમા પર છે ત્યારે હવે કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમ પુરૂષોને પ્રભાવિત કરવાની વધુ એક શરમજનક ચાલ રમી કાઢી છે. પાર્ટીના લધુમતિ અધિવેશનમાં મહિલા કોંગ્રેસના અધ્યક્ષ સુષ્મિતા દેવે કહ્યુ હતુ કે જો વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર આવશે તો ત્રિપલ તલાક કાનુનને ખતમ કરી દેવામાં આવશે. ખુબ હેરાની થઈ છે કે એક મહિલા થઈને તે ઈસ્લામના નામ પર મહિલા અધિકારોનો ભંગ કરી રહ્યા છે. અધિકારોના ભંગ કરનાર લોકોની જેમ તેઓ વાત કરી રહ્યા છે. રાજનીતિ પોતાની જગ્યાએ છે. પરંતુ માત્ર વોટ મેળવી લેવાના હેતુથી ધર્મની વ્યક્તની મહિલાઓ સાથે થતા અન્યાયને રોકવાની વાત કરવાના બદલે કાનુનને દુર કરવાની વાત કરવામાં આવી રહી છે. આ પ્રકારની વાત કઈ રીતે તર્કસંગત હોઈ શકે છે. પાકિસ્તાન જેવા કટ્ટર ઈસ્લામિક દેશમાં પણ વર્ષો પહેલા ત્રિપલ તલાક બિલ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે કમનસીબ બાબત એ છે કે ભારત જેવા લોકશાહી દેશમાં એક રાષ્ટ્રીય પાર્ટી આ બાબતને લઈને વોટ માંગી રહી છે કે તેઓ મહિલાઓના શોષણને રોકવા માટે ભૂમિકા અદા કરનાર કાનુનને ખતમ કરી દેશે. એટલે કે પુરૂષોને મહિલાઓના શોષણની તક મળી જશે. ખાસ બાબત એ છે કે મંદિરોમાં એન્ટ્રી કરવા માટે મુસ્લિમ મહિલાઓને ઉભી કરનાર મહિલા અધિકારોની વાત કરવાના બદલે કોંગ્રેસ પાર્ટીના ટોપ નેતાઓ મૌન રહ્યા છે. કોઈ પાર્ટી ખુલ્લી રીતે મહિલાઓના શોષણનો રસ્તો ખોલે છે છતાં કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સાઇપ્રસ, જોર્ડન, અલ્જીરિયા, ઇરાન, મોરક્કો અને યુએઇ જેવા દેશોમાં પણ ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે. સિરિયામાં વર્ષ ૧૯૫૩માં કાનુન બનાવવામાં આવ્યુ કે જજની સામે ત્રિપલ તલાકને કાયદેસર ગણવામાં આવે છે. બાંગ્લાદેશમાં પણ ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે. ઈજિપ્ત, સુડાન અને શ્રીલંકા જેવા દેશોમાં મુસ્લિમ માટે તલાકને લઇને આદર્શ કાનુન બનાવવામાં આવ્યા છે. અફગાનિસ્તાનમાં એક સાથે ત્રિપલ તલાક કહીને તલાક લેવાની બાબત ગેરકાનુની છે. ઈન્ડોનેશિયામાં બીજા નિકાહ અને તલાક માટે ધાર્મિક કોર્ટની મંજુરી લેવાની જરૂર હોય છે. અલ્જેરિયામાં પુરૂષ દ્વારા તલાકના એકતરફી અધિકારને ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યાં તલાકના મામલામાં કોર્ટ મારફતે ઉકેલ લાવવામાં આવે છે. ટ્યુનેશિયામાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. તુર્કીમાં એકથી વધારે નિકાહ કરવા પર બે વર્ષની સજા કરવામાં આવે છે. જો કે ભારતમાં જ્યારે ત્રિપલ તલાકની વાત કરવામાં આવે ત્યારે પુરૂષોના અધિકારની વાત કરીને કેટલાક શુભેચ્છકો ઉભા થઈ જાય છે. વાસ્તવિકતા એ છે કે ત્રિપલ તલાક મુસ્લિમ મહિલાઓના મૌલિક અધિકારને મુસ્લિમ પુરૂષોના હાથમાં ગિરવે મુકીને માનસિક શોષણ કરવામાં આવે છે. ભારતમાં મુસ્લિમ મહિલાઓ સાથે ક્રુરતાથી શોષણ કરવામાં આવે છે. કોંગ્રેસ પાર્ટીએ ક્રુરતાને યોગ્ય તરીકે ગણાવીને કોંગ્રેસ પાર્ટીએ સાબિતી આપી દીધી છે કે તે વોટરને હાંસલ કરવા માટે કોઈ પણ સ્તર સુધી પહોંચી શકે છે. ગઈકાલ સુધી જનેઉ પહેરીને ટેમ્પલ રન કરનાર રાહુલ ગાંધીની કોંગ્રેસ પાર્ટી એ બાબત પણ કહી શકે છે કે જો તેમની સરકાર આવશે તો અયોધ્યામાં બાબરી મસ્જિદ પણ બનાવીને આપશે. જો કોંગ્રેસ પાર્ટી આવી વાત કરશે તો પણ કોઈને આશ્ચર્ય થશે નહીં. પાકિસ્તાનમાં પણ ૧૯૬૧માં તલાક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સિરિયામાં વર્ષ ૧૯૫૩માં પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જુદા જુદા દેશોમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં ભારતમાં હજુ આને લઈને વિરોધની સ્થિતી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે જુદી જુદી પાર્ટી તમામ લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસમાં છે પરંતુ હાલમાં કોંગ્રેસ દ્વારા હવે ત્રિપલ તલાક કાનુનને ખતમ કરવાની વાત કરીને એક નવી ચર્ચા છેડી દીધી છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં કોઈ પણ મુદ્દા ચગાવી શકે છે.

પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

સફળતા સુધી સરળતાથી પહોંચી શકાય



જો તમે જીવનમાં સફળ થવા માંગો છો તો જીવનને સરળ બનાવવાની જરૂર પડશેઃ સરળતા-સહેજતાથી જ સફળ થઈ શકાય છે

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઈચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે. જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પુર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે. અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઈએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઈ જાય છે અથવા તો શરૂઆતમાં ઈચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી.

દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઇ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઈ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઈ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઈ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઈ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઈને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઈ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઈએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે.

બ્લડપ્રેશરમાં બ્લેક ટી આદર્શ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા ઓસ્ટ્રેલિયન અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસ દરમિયાન બ્લેક ટી પીનાર લોકોને ઘણા ફાયદા થાય છે. તેમના બ્લડપ્રેશરને આંશિક રીતે ઘટાડવામાં બ્લેક ટી ઉપયોગી સાબિત થાય છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બ્લેક ટીની મજા માણતા લોકોને આરોગ્યની દૃષ્ટિએ પણ ફાયદા થાય છે. અલબત્ત અભ્યાસમાં ચોક્કસ ઘટકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંશોધકોએ કહ્યું છે કે બ્લડપ્રેશરમાં બ્લેક ટી ઘટાડો કરે છે. સંશોધકોએ ભૂતકાળમાં કરવામાં આવેલા અભ્યાસને પણ તારણ નક્કી કરતી વેળા ધ્યાનમાં લીધા હતા. ચા જેવા પ્લાન્ટમાં રહેલા તત્વો હાર્ટના આરોગ્ય માટે પણ ઉપયોગી હોવાનું જાણવા મળ્યું છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના સંશોધકોના નેતૃત્વમાં એક ટીમે અભ્યાસ બાદ જણાવ્યું છે કે વ્યક્તિગતો માટે તારણો આદર્શ છે. આર્ચિવ ઓફ ઈન્ટરનલ મેડીસીનમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અભ્યાસ કરતી વેળા ૯૫થી વધુ ઓસ્ટ્રેલિયનોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સામાન્ય બ્લડપ્રેશર ધરાવતા લોકો અને વધુ બ્લડપ્રેશર ધરાવતા લોકોને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. એ ગ્રૂપને બ્લેક ટી અને અન્ય ગ્રૂપને સરેરાશ ટેસ્ટ સાથે ચા આપવામાં આવી હતી. અભ્યાસની શરૂઆત કરતા પહેલાં બ્લડપ્રેશરની ચકાસણી કરી લેવામાં આવી હતી. ચકાસણી કરવામાં આવ્યા બાદ બે ગ્રૂપના લોકોને વિભાજિત કરી લેવામાં આવ્યા હતા. ૧૨૦/૮૦ એમએમ એચજીથી ઓછા બ્લડપ્રેશર રિડીંગને સામાન્ય તરીકે ગણવામાં આવે છે જ્યારે હાઈ બ્લડપ્રેશર રિડીંગ ૪૦/૯૦ અથવા તો તેનાથી ઉપરનું ગણવામાં આવે છે.

ફાયદો : આરોગ્યની દ્રષ્ટિએ બ્લેક ટીના ઘણા ફાયદા

પાંચ પૈકી એકને ડાયાબિટીસ

અભ્યાસના ચોંકાવનારા તારણ જારી કરાયા

મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીસના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીસથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીસથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીસ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીસથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી.



શ્રદ્ધા કપુર હવે નવાજુદ્દીન સાથે રોમાન્સ કરશે

શ્રદ્ધા કપુરની પાસે હવે પાંચ ફિલ્મ હાથમાં છેઃ ફિલ્મમાં સાઈના નહેવાલની ભૂમિકા શ્રદ્ધા કપુર ભજવશે

મુંબઈ


શ્રદ્ધા કપુર બોલિવુડમાં હાલમાં સૌથી વધારે ફિલ્મ ધરાવતી સ્ટાર છે. તેની પાસે હાલમાં પાંચ ફિલ્મો હાથમાં છે. જે પૈકી તમામ ફિલ્મો મોટા બેનરની હોવાનુ જાણવા મળ્યુ છે. પ્રાપ્ત હેવાલ મુજબ હવે તેની પાસે નવાજુદ્દીન સિદ્દીકીની ફિલ્મ પણ આવી ગઈ છે. જેમાં તે આ જદિગ્ગજ સ્ટાર સાથે કામ કરનાર છે. તે નવાજુદ્દીન સિદ્દીકી સાથે રોમાન્સ કરનાર છે. તેની પાસે હાલમાં જે ફિલ્મો રહેલી છે તેમાં સાહો, છિછોરરે, સ્ટ્રીટ ડાન્સર, સાયના અને બોલે ચુંડિયા ફિલ્મનો સમાવેશ થાય છે. તે સૌથી આશાસ્પદ સ્ટાર તરીકે ઉભી રહી છે. તેની પાસે એકપછી એક સારી ફિલ્મો આવી રહી છે. તે હાલમાં અનેક ફિલ્મો ધરાવે છે. તે સાઈના નહેવાલની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં પણ કામ કરી રહી છે. શ્રદ્ધા કપુર ઐતિહાસિક બાયોપિક ફિલ્મમાં સાઈના નહેવાલની ભૂમિકા અદા કરનાર છે. ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલની લાઈફ પર ફિલ્મ બની રહી છે. તેની પાસેથી ખાસ ટ્રેનિંગ મેળવી લીધી છે. શ્રદ્ધા કપુરે મહેનત કરવાની શરૂઆત કરી દીધી છે. શ્રદ્ધા કપુર આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ફોટો પણ મુકી દીધા છે. જેમાં તે સાઈના નહેવાલની સાથે નજરે પડી રહી છે. ફોટોને જોઈને લાગે છે કે તે સાઈના પાસેથી ટ્રેનિંગ લઈ રહી છે. ફોટોમાં સાઈના શ્રદ્ધા કપુરની પાસે બેડમિન્ટનના નાના નાન પાસા પર માહિતી મેળવી રહી છે. શ્રદ્ધા કપુર બોલિવુડમાં કેટલાક સમયથી છે. કેરિયરની શરૂઆત નિરાશાજનક માહોલમાં થયા બાદ શ્રદ્ધા કપુરે આંશિકી -૨ ફિલ્મ મારફતે જોરદાર લોકપ્રિયતા મેળવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. ફિલ્મમાં તેની સાથે આદિત્ય રોય કપુરે ભૂમિકા અદા કરી હતી.

સલમાન વધુ એક કોરિયન ફિલ્મની રીમેકમાં ચમકશે

મુંબઈ

બોલિવુડના દબંગ સ્ટાર સલમાન ખાન હવે નવી ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. તેની ભારત ફિલ્મ ઈદના પ્રસંગે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં તેની પાસે વધુ એક કોરિયન ફિલ્મની રીમેકમાં કામ કરવા માટેની ઓફર આવી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ સલમાન ખાન હવે દક્ષિણ કોરિયરન જાસુસી ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. જેની હિન્દી રીમેક બનાવવા માટેની તમામ તૈયારી કરી લેવામા આવી છે. અધિકારોને લઈને વાત થઈચુક છે. ફિલ્મમાં તે સ્ટાઈલિસ્ટ જાસુસની ભૂમિકામાં નજરે પડનાર છે. અતુલ અગ્નિહોત્રી અને તેમના બેનરના સીઈઓ નિખિલ નામિત દ્વારા તમામને પાછળ છોડીને કોરિયન પ્રોડક્શન કંપનીની પાસેથી ફિલ્મના અધિકાર મેળવી લીધા છે. નવી ફિલ્મમાં સલમાન ખાન વધુ સ્ટાઈલિસ્ટ અંદાજમાં નજરે પડનાર છે. હાલમાં ભારતના શુટિંગને વહેલી તકે પૂર્ણ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

આ ફિલ્મના કામો પૂર્ણ કરવામાં આવ્યા બાદ આ કોરિયન જાસુસી ફિલ્મની રીમેક પર કામ હાથ ધરવામાં આવનાર છે. સલમાન ખાન હાલમાં અલી અબ્બાસ દ્વારા નિર્દેશિત ફિલ્મ ભારતમાં કામ કરી રહ્યો છે. ત્યારબાદ તે દબંગ-૩ ફિલ્મ માટે શુટિંગ કરવામાં આવનાર છે. દબંગ- ૩ ફિલ્મના શુટિંગને ૧૦૦ દિવસમાં પૂર્ણ કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. દબંગના તમામ કલાકારોની પસંદગી કરી લેવામાં આવ્યા બાદ હવે શુટિંગ આગળ વધશે. કોરિયન રિમેક ફિલ્મને લઈને બોલિવુડના અન્ય નિર્માતા નિર્દેશકો દ્વારા પણ અધિકારો ખરીદી લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.



જો કે સફળતા હાથ લાગી ન હતી. જે કોરિયન ફિલ્મની રીમેક બની રહી છે તે કોરિયાની હજુ સુધીની સૌથી વધારે કમાણી કરનાર ફિલ્મ તરીકે સાબિત થઈ હતી.

શ્રીદેવીની પહેલી વરસી વખતે પરિવાર શ્રીદેવીની આત્માની શાંતિ માટે પુજા કરશે



બોલિવૂડની દિવંગત એક્ટ્રેસ શ્રીદેવીના નિધનને એક વર્ષ થવા આવ્યું છે પણ આમ છતાં તેનો પરિવાર અને પ્રશંસકો આ આઘાતમાંથી બહાર નથી આવ્યા. ગયા વર્ષે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના દિવસે દુબઈમાં શ્રીદેવીનું આકસ્મિક મૃત્યુ થઈ ગયું હતું. તિથિ પ્રમાણે આ વર્ષે તેની પહેલી વરસી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે છે. આ દિવસે બોની કપૂર, જાન્હવી કપૂર અને ખુશી ચેન્નાઈમાં દિવંગત એક્ટ્રેસની આત્માની શાંતિ માટે પૂજા કરશે.

રિપોર્ટ પ્રમાણે શ્રીદેવીની વરસીની તમામ વિધિ એના પિયરમાં કરવામાં આવશે. આ વિધિમાં બોની, જાન્હવી અને ખુશી સિવાય અનિલ કપૂર, સુનિતા કપૂર અને નજીકના પરિવારજનો શામેલ થાય એવી શક્યતા છે. શ્રીદેવીનું નિધન ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના દિવસે દુબઈમાં થયું હતું. એ પોતાના ભત્રીજા મોહિત મારવાહના લગ્નમાં હાજરી આપવા દુબઈ ગઈ હતી અને ત્યાં બાથટબમાં ડૂબવાથી તેનું અવસાન થયું હતું.

ટીવી સ્ટાર્સ રિદ્ધિ ડોગરા અને રાકેશ બાપટ ડિવોર્સ લેશે



મુંબઈ : ટીવીસ્ટાર્સ રિદ્ધિ ડોગરા અને રાકેશ બાપટના લગ્નજીવન વિશે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સ્પોટબોયના રિપોર્ટ પ્રમાણે આ બંનેના લગ્નજીવનમાં કડવાશ વ્યાપી ગઈ છે અને બંને બહુ જલ્દી ડિવોર્સ લઈ લેવા માગે છે. રિદ્ધિ અને રાકેશના મતભેદ એટલા વધી ગયા છે કે તેઓ એક દિવસ માટે પણ સાથે નથી રહેવા માગતા. મળતી જાણકારી પ્રમાણે રિદ્ધિ છેલ્લા કેટલાક સમયથી પતિ રાકેશ સાથે નથી રહેતી. બંનેએ ભારે અણબનાવને કારણે ડિવોર્સ લેવાનો નિર્ણય લઈ લીધો છે.

સ્પોટબોય.કોમ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ સમાચારની પુષ્ટિ કરવા માટે રાકેશ બાપટને અનેક કોલ અને વોટ્સએપ મેસેજ કરવામાં આવ્યા પણ તેમણે કોઈ જવાબ નહોતો આપ્યો. આ સિવાય રિદ્ધિ અને રાકેશની નજીકની મિત્ર આશા નેગીને જ્યારે સવાલ કરવામાં આવ્યો ત્યારે તેણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે રિદ્ધિ મારી સારી મિત્ર છે અને મને બધી વાતની ખબર છે પણ હું આ વિશે કંઈ વધારે વાત નહીં કરી શકું.

રિદ્ધિ અને રાકેશ ટેલિવિઝનની દુનિયાનું જાણીતું નામ છે. રાકેશે પોતાની કરિયરની શરૂઆત ૨૦૦૧માં આવેલી ફિલ્મ તુમ બિનથી કરી હતી. આ એક સફળ ફિલ્મ હતી.

ન્યુયોર્કના મૈડમ તુસાદમાં પ્રિયંકા ચોપડાનું મીણનું પુતળુ લગાવાયું



ન્યુયોર્ક

નિક જોનસ સાથે લગ્ન કર્યા બાદ પ્રિયંકા ચોપડાના ખાતામાં એક વધુ ખુશી આવી છે ન્યુયોર્કના મૈડમ તુસાદમાં તેનું વૈકસ સ્ટેચ્યુ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ મૈડમ તુસાદમાં છ પુતળા વાળી તે એક માત્ર હસ્તી બની ગઈ છે હવે પ્રિયંકા ફકત ભારત અને અમેરિકામાં જ નહીં પરંતુ અનેક એશિયાઈ દેશોમાં જાણીતી બની ગઈ છે.આ ક્ષણ ભારત દેશ માટે પણ ગૌરવપૂર્ણ છે.

પ્રિયંકા ચોપડા છ મૈડમ તુસાદમાં સમ્માન મેળવનારી દુનિયાની પહેલી મહિલા બની ગઈ છે. ગ્લોબલ સ્ટાર પ્રિયંકાએ પોતાના ટેલેંટથી બોલીવુડની સાથે સાથે હોલીવુડમાં પણ ઈમ્પ્રેસ કરી છે. પ્રિયંકાએ પોતાના ઈસ્ટાગ્રામ હૈડલ પર તસવીરો શેયર કરી છે તસવીરોની સાથે તેણે લખ્યું હું જ્યારે હું ન્યુયોર્કના મૈડમ તુસાડમાં પોતાની નવી વૈકસ સ્ટેચ્યુ જોવું છું (બીજી જગ્યાઓ પર પણ તાકિદે આવી રહ્યું છે)

એ યાદ રહે કે પ્રિયંકાની લોકપ્રિયતા સતત વધી રહી છે અને આજ કારણ છે કે તેનું મોમનું પુતળ લંડન, સિડની બૈંકોક અને સિંગાપુરમાં પણ લગાવવામાં આવશે પ્રિયંકા પહેલા બસ જાણીતા સિંગર વિટની હાઉસ્ટનના દુનિયામાં છ વૈકયુ સ્ટેચ્યુ છે.

એ યાદ રહે કે પ્રિયંકાએ ૧-૨ ડિસેમ્બરના રોજ ૧૧ વર્ષ નાના અમેરિકી સિંગર નિક જોનસ સાથે લગ્ન કર્યા હતાં આ લગ્ન જોધપુરના ઉમ્મેદ ભવન પેલેસમાં બે રીતિ રિવાજ સાથે થયા હતાં લગ્ન ખુબ ધામધૂમથી થયા હતાં જેમાં ૨૦૦થી વધુ મહેમાન સામેલ થયા હતાં.પ્રિયંકા અને નિક ખુબૂ સયમથી રિલેશનમાં હતાં.

નિકથી લગ્ન બાદ પ્રિયંકાના ખાતામાં એક વધુ ખુશી

ઐશ્વર્યા વિવેક ઓબેરોય સાથે રિલેશનમાં હતી ત્યારે પણ સલમાનના સંપર્કમાં હતી : સોહેલ

મુંબઈ

બોલિવૂડ અભિનેતા સલમાન ખાન તેમજ ઐશ્વર્યા રાય એક તબક્કે એકબીજાના બહુ નજીક હતા. જોકે પછી સલમાનના ગુસ્સાના કારણે એશ તેનાથી અલગ થઈ ગઈ હતી. સલમાન અને એશે બ્રેકઅપ પછી ક્યારેય સાથે કામ નથી કર્યું. હવે આ સંબંધોની સોહેલ ખાને સ્પષ્ટતા કરી છે.

સલમાન અને ઐશ્વર્યાએ ૧૯ વર્ષ પહેલાં 'હમ દિલ દે ચૂકે સનમ'માં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ પછી બંને એકબીજાની નજીક આવી ગયા હતા. આ બંને સાથે ફરવા લાગ્યા અને બંનેના પ્રેમનો અંત ત્રણ-ચાર વર્ષમાં જ આવી ગયો હતો.



ઐશ્વર્યાએ બ્રેકઅપ વખતે સલમાન પર ગંભીર આરોપ લગાવ્યો હતો. તેણે અનેકવાર કહ્યું છે કે સલમાન મને મારતો હતો. જોકે સલમાને આ વાતને હંમેશા ખોટી ગણાવી છે.

હવે સલમાનના ભાઈ સોહેલ ખાને એવી માહિતી આપી છે જે લોકોને હજી સુધી ખબર નહીં હોય. સોહેલે કહ્યું છે કે હવે ઐશ્વર્યા કંઈ પણ કહે પણ એક સમય હતો જ્યારે તે સલમાન સાથે ફરતી હતી અને અમારા ઘરે પરિવારની જેમ આવતી હતી ત્યારે પણ તેણે આ સંબંધનો જાહેરમાં સ્વીકાર નહોતો કર્યો. સોહેલે પછી મોટો ધડાકો કરતા કહ્યું કે ઐશ્વર્યા જ્યારે વિવેક ઓબેરોય સાથે રિલેશનમાં હતી ત્યારે પણ તે સતત સલમાનના સંપર્કમાં હતી.

રાજનાથસિંહ પટનામાં ભારતના મનની વાત મોદીની સાથે કાર્યક્રમ અંતર્ગત બિહારના પ્રવાસે

કોઇ વ્યક્તિ પીએમ મોદીની ઇમાનદારી પર સવાલ ન કરી શકે: રાજનાથસિંહ



પટના

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહ બિહારના પ્રવાસ પર છે. રાજનાથ સિંહે પટનામાં 'ભારતના મનની વાત મોદીની સાથે' કાર્યક્રમ અંતર્ગત બિહાર પહોંચ્યા હતા. જ્યાં તેઓ પાર્ટીના સંકલ્પ પત્રને લઈને લોકો સાથે વિચાર વિમર્શ કર્યો હતો. રાજનાથ સિંહ પાર્ટીના સંકલ્પ પત્ર સમિતિના અધ્યક્ષ પણ છે. ત્યારે તે દરમિયાન તેમણે પીએમ નરેન્દ્ર મોદીની ઘણી પ્રશંસા પણ કરી છે.

રાજનાથ સિંહે 'ભારતના મનની વાત મોદીની સાથ' કાર્યક્રમ અંતર્ગત પટના પહોંચ્યા હતા. તેમણે તે દરમિયાન પટનાના મુખ્ય સચિવાલય સ્થિત અધિવેશન ભવનમાં લોકોનું સબોંધન કરતા ભાજપ સરકારની પ્રશંસા કરી હતી. તેમણે કેન્દ્રના કાર્યો વિશે લોકોને અવગત કરાવ્યા હતા.

ત્યારે, રાજનાથ સિંહે સંબોધન દરમિયાન કહ્યું કે, 'કોઇ મા કા લાલ પીએમ મોદી પર આંગળી ઉઠાવી તેમની નિયત પર સાવલ ઉભો કરી શકતો નથી. તેમણે કહ્યું કે હું મોદીજીને ઓળખું છું, અમે તેમની સાથે કામ કર્યું છે.

રાજનાથ સિંહે કહ્યું કે મોદીજી પર અન્ય આરોપો લગાવવા છે તો લગાવી દો. મોદીજીએ કામ ઓછું કર્યું, કામ વધારે કર્યું અથાવ તેમની તરફથી કામ કરવું જોઈતું હતું. પરંતુ કોઈ માનો લાલ આંગળી ઉઠાવી તેમની નિયત અને ઈમાન પર સવાલિયા નિશાન લગાવી શકતો નથી.

તમને જણાવી દઈએ કે રાજનાથ સિંહ પાર્ટીના સંકલ્પ પક્ષ સમિતિના અધ્યક્ષ છે. પાર્ટીના સંકલ્પ પત્રને તૈયાર કરવા માટે ભાજપ દ્વારા 'ભારતના માનની વાત મોદીની સાથે કાર્યક્રમ આયોજીત કરી સંપૂર્ણ દેશમાં જનતાની સાથે સંકલ્પ પત્ર માટે વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યું છે. તે દરમિયાન રાજનાથ સિંહ બિહાર પહોંચા હતા.

ગુર્જર આંદોલનથી રેલ વ્યવહાર પ્રભાવિત

ફરી અનામત આંદોલનની આગ ભભૂકી, રેલ્વે ટ્રેક પર તંબૂ તાણ્યા: કેટલીય ટ્રેનો રદ

ન્યુ દિલ્હી

આરક્ષણ મામલે રાજસ્થાન સરકારની ચર્ચા માટે કોઈ પ્રસ્તાવ ન મળતાં નારાજ ગુર્જરોએ રેલ્વે ટ્રેક પર બેસવાનો નિર્ણય લીધો છે. જેનાં પગલે દિલ્હી-મુંબઈ રૂટની બે ટ્રેનો રદ કરવામાં આવી છે. જ્યારે ૨૦ ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી છે.

ગુર્જર સમાજ રાજય સરકાર પાસે ૫ ટકા આરક્ષણની માંગણી કરી રહ્યો છે. કર્નલ કિરોડી સિંહ બૈંસલાનાં નેતૃત્વમાં આ આંદોલન ચાલી રહ્યું છે. કોટા પાસે આ આંદોલન ચાલી રહ્યું છે. જેનાં કારણે અમદાવાદથી ઉત્તર ભારત તરફ જતી ૪ ટ્રેનોનાં રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યાં છે.

મહત્વનું છે કે ગુર્જરોએ સરકારને ૨૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. પરંતુ સરકાર તરફથી કોઈ સકારાત્મક પહેલ ન થતાં આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે. તો રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગેહલોતે ગુર્જરોને શાંતિ જાળવવા માટેની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસે પહેલાં પણ તેમની વાત સાંભળી હતી અને અત્યારે પણ સાંભળશે. સરકાર સમાધાન માટે ગંભીર છે અને રાજય સરકારનાં સ્તરે પણ આ મુદ્દે ગંભીર પ્રયાસો કરવામાં આવ્યાં છે.

કિરોડીસિંહ બૈંસલાએ તાજેતરમાં જ કહ્યું હતું કે, સરકારે જો ગુર્જર અને ચાર અન્ય જાતિઓને પાંચ ટકા આરક્ષણ નહીં આપ્યું તો ૮ ફેબ્રુઆરીથી રાજયમાં ગુર્જર આરક્ષણ આંદોલન ફરી વારથી શરૂ કરવામાં આવશે. અજમેરમાં મંગળવારનાં રોજ આયોજિત ગુર્જર સમાજની બેઠકમાં બૈંસલાએ માંગ નહીં સ્વીકારવામાં આવતા આંદોલન કરવાની ચેતવણી આપી હતી.

બૈંસલાએ કહ્યું કે, અમારે ૫ ટકા આરક્ષણ જોઈએ. કોંગ્રેસે પોતાનાં ચૂંટણી ઘોષણા પત્રમાં આ મુદ્દા વિશે વાયદો કર્યો હતો અને હવે અમે કોંગ્રેસ સરકાર પાસેથી સરકારી દસ્તાવેજ બનાવી ચૂકેલ ઘોષણા પત્રનાં વાયદાને પૂર્ણ કરવાની માંગ કરી રહ્યાં છીએ. તેઓએ જણાવ્યું કે, આંદોલન અંતર્ગત રાજમાર્ગો અને જાહેર રસ્તઓ પર અડચણ ઉભું કરવામાં આવશે.

ત્રીજી વખત રોબર્ટ વાડ્રાની ઇડીએ પૂછપરછ કરી

ન્યુ દિલ્હી

સોનિયા ગાંધીના જમાઈ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના જીજાજી રોબર્ટ વાડ્રાની EDએ આજે ત્રીજી વખત પૂછપરછ કરી. ED દ્વારા મની લોન્ડ્રિંગ કેસ મામલે વાડ્રાને આજે પણ અનેક સવાલ કરવામાં આવ્યા. આજે તેઓ ત્રીજી વખત ED સમક્ષ હાજર થયા. આ પહેલા વાડ્રાની બે વખત પૂછપરછ કરવામાં આવી જેમા એક અંદાજે ઈડીએ ૧૫ કલાક સુધી વાડ્રાને સવાલ પૂછવામાં આવ્યા હતા.

રોબર્ટ વાડ્રાની વિરૂદ્ધ ચાલી રહેલો કેસ લંડનના ૧૨ બ્રાયંસ્ટન સ્કવેર પર સ્થિત એક સંપત્તિની ખરીદીમાં મની લોન્ડ્રિંગના આરોપો સાથે સંકળાયેલો છે. આ પ્રોપર્ટી ૧૯ લાખ પાઉન્ડમાં ખરીદવામાં આવી હતી. અને તેનો માલિકી હક રોબર્ટ વાડ્રા પાસે છે. તપાસ એજન્સીઓનો દાવો છે કે ભાગેડુ વેપારી અને આર્મ્સ ડીલર્સ સંજય ભંડારીની વિરૂદ્ધ આઇટી વિભાગ કાળાનાણાં અધિનિયમ અને કર કાયદા હેઠળ તપાસ કરી રહ્યો છે. આ દરમિયાન મનોજ અરોરાની ભૂમિકા પણ સામે આવી. જેના આધારે મની લોન્ડ્રિંગનો કેસ નોંધવામાં આવ્યો છે. આરોપ છે કે લંડન સ્થિત સંપત્તિને ૧૯ લાખ પાઉન્ડમાં સંજય ભંડારીએ ખરીદી હતી. અને તેને ૨૦૧૦માં આટલી જ રકમમાં વેચી દીધી. જ્યારે કે તેનો સમારકામ ખર્ચ, સજાવટ ખર્ચમાં આશરે ૬૫ હજાર ૯૦૦ પાઉન્ડ ખર્ચ કરવામાં આવ્યા. તેમ છતાં પ્રોપર્ટીને ખરીદ કિંમત પર જ રોબર્ટ વાડ્રાને વેચી દેવામાં આવી હતી.

૫૫ વર્ષ સુધી રાહુલ બાબાનાં પરિવારે શાસન કર્યું છે

દેશને જાતીવાદ અને પરિવારવાદમાં વહેંચી રહ્યું છે મહાઠગબંધન: અમિત શાહ

ન્યુ દિલ્હી/પૂણે

ભાજપ અધ્યક્ષ અમિત શાહે શનિવારે પુણે પાર્ટીનાં શક્તિ કેન્દ્ર સમ્મેલનનું સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. શાહે વિપક્ષનાં મહાગઠબંધનને ઘેરતા કહ્યું કે, ઠગબંધન દેશને જાતીવાદ અને પરિવારવાદમાં વહેંચી રહ્યા છે. તેમણે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, ૫૫ વર્ષ સુધી રાહુલ બાબાનાં પરિવારે શાસન કર્યું છે. જો કે દેશમાં કોઇ પરિવર્તન નહોતુ આવ્યું. મોદીજીએ માત્ર ૫૫ મહિના કામ કર્યું અને કોંગ્રેસનાં ૫૫ વર્ષમાં જે ન થઇ શક્યું, તેને પુરૂ કર્યું છે.

શાહે કહ્યું કે, રાહુલ બાબા તમને ગણત્રી પણ નથી આવતી. આગરામાં રાહુલ બાબાએ એક ભાષણમાં કહ્યું હતું કે, હું અહીં બટાકાની ફેક્ટ્રી લગાવીશ. તેમને એ પણ નથી ખબર કે બટાકા જમીનની નીચે થાય છે, જમીનની ઉપર નથી ઉગતા કે ફેક્ટ્રીમાં પણ નથી બનતા. અમિત શાહે સમ્મેલનને સંબોધિત કરતા કહ્યું કે, અમે સૌની ઓળખ ભાજપનાં એખ કાર્યકર્તાએ કરી છે. દેશનાં તમામ રાજનીતિક દળોમાંથી ભાજપમાં અનેક કારણોથી અલગ છે. આ પાર્ટી કાર્યકર્તાઓની પાર્ટી છે, નેતાઓની પાર્ટી નથી. ભાજપની ચૂંટણી જીતવાનું રહસ્ય અમારા બૂથની સંરચના અને બુથ પર કામ કરનારા કાર્યકર્તા છે. કાર્યકર્તાઓનાં દળ પર જ અમને અનેક અભેદ્ય દુર્ગ જીત્યા છે, પછી તેઓ અસમ હોય, મણિપુર હોય કે ત્રિપુરા હોય. તેમણે કહ્યું કે, મોદીજીએ લઘુ અને સીમાંત ખેડૂતો માટે ૬૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ આપવાની વ્યવસ્થા બજેટમાં કરી છે. આ વખતે બજેટમાં સંરક્ષણ ક્ષેત્રનું અત્યાર સુધીનું સૌથી વદારે ૩ લાખ કરોડ રૂપિયાનું બજેટનું સ્વીકૃત કર્યું છે. સરકાર બન્યાનાં માત્ર એક વર્ષની અંદર જ વર્ષોથી લટકેલી વન રેંક વન પેંશન યોજનાને લાગુ કરવાનું કામ મોદી સરકારે કર્યું છે. દેશની સીમાઓની સુરક્ષા અને સીમાઓની સુરક્ષા કરનારા જવાનો અમારી પ્રાથમિકતા છે.

ભાજપના ક્લસ્ટર સંમેલનમાં પરસોત્તમ રૂપાલા ગરજ્યા

કોંગ્રેસ દ્વારા પીએમ મોદીની ઈમેજ બગાડવાનો પ્રયાસ: રૂપાલા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરમાં ભાજપના ક્લસ્ટર સંમેલનમાં કેન્દ્રીયમંત્રી પરસોત્તમ રૂપાલા ગરજ્યા હતા. પરસોત્તમ રૂપાલા કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી આવી છે, ત્યારે આ કાર્યક્રમ ચૂંટણીના શ્રીગણેશ કહી શકાય. આ તમામ ૨૬ બેઠક જીતીને આપણે લોકસભામાં જવાના છીએ. આપણે થોડી વધારે સાવધાની રાખવાની જરૂરિયાત છે. વાતાવરણમાં હવા બદલવાનો પ્રયાસ થઇ રહ્યો છે. કોંગ્રેસ પીએમ નરેન્દ્ર મોદીની ઈમેજ બગાડવાનો પ્રયાસ કરી રહી છે. આગામી દોઢ મહિનાનો સમય છે ત્યારે એક મારી નમ્ર વિનંતી છે કે જે વિષયની સમજણ ન હોય તેમાં બોલવું નહીં. એવું જરૂરી નથી કે બધા સવાલના જવાબ તમારે આપવા. તેની માટે લોકો બેસાડેલા છે. વાત નાની હોય, પણ તેને વળ ચઢાવીને પાર્ટીને બદનામ કરવા માટેની એક સુઆયોજિત ચાલ છે, જેનો ભાગ આપણે ન બની જઈએ તેનું ધ્યાન રાખજો. ૨૬ સાંસદોની ટીમ સાથે આગામી લોકસભા આપણે જીતી જઈશું. કોંગ્રેસ મોં-માથા વગરની વાતો કરીને લોકોમાં ભ્રમ ફેલાવવાની કોશિશ કરે છે. કોંગ્રેસ પાસે સાચું મટિરિયલ કંઇ નથી. ગ્રામ પંચાયતના સરપંચને ભારત સરકારની તિજોરીમાંથી એક કરોડની ગ્રાન્ટ મળે છે. ગામડાની પંચાયતને પૈસા આપવાનો નિર્ણય આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો.

તેમણે કહ્યું કે દેવા નાબુદીની વાર્તા કરનારી આ કોંગ્રેસે પર હજાર કરોડ રૂપિયા માફ કર્યા હતા. પરંતુ કોના માફ થયા અને કોના માફ ન થયા એ હજુ કોઈને ખબર નથી. પૈસા જે ડિફોલ્ટર હોય તેના ખાતામાં પૈસા જમા થાય. પરંતુ, મને આપણા રાજ્યના ખેડૂતો પર ગર્વ છે, કારણ કે આપણા રાજ્યમાં કોઈ ડિફોલ્ટર છે જ નહીં. દર વર્ષે મારા ખેડૂતો નવું દેવું લઈને જુનું દેવું ભરપાઈ કરી દે છે. એટલે એ કોઈ દિવસ ડિફોલ્ટર થતો જ નથી. ૧૦ વર્ષમાં એક પહેલીવાર ૫૨ હજાર કરોડ રૂપિયા ખેડૂતોના માફ કર્યા. એ વખતના કેગના રિપોર્ટમાં છે કે તે સમયના ૫ લાખ ખાતાઓ એવા છે જે બોગસ છે, જેમના ખાતામાં આ પૈસા જમા કરાવવામાં આવ્યા છે. કોંગ્રેસના તો એવા-એવા ગોટાળાઓ સામે આવી રહ્યા છે. તેઓ તો જ્યાં હાથ નાંખે ત્યાં માત્ર ગોટાળા જ છે. ખેડૂતોના પૈસા ખાઈ જનાર કોંગ્રેસ આપણને ઉપદેશ આપે છે. આ દેશ ઉપર કટોકટી નાંખનારા લોકો આપણને ઉપદેશ આપે છે કે તમે લોકશાહીની સંસ્થાઓનું અપમાન કરી રહ્યા છો. તમે આ દેશમાં કટોકટી નાંખી હતી, લશ્કરના વડાને ગુંડા કીધા હતા. આ બધી વાતોને આપણે દેશના લોકોને યાદ કરાવવાની આવશ્યકતા છે.

ટ્વિટરના સીઇઓનો સંસદીય સમિતિ સમક્ષ હાજર થવા ઇન્કાર

ન્યુ દિલ્હી

ટ્વીટરના CEO જૈક ડોર્સી અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ સંસદીય સમિતિ સમક્ષ હાજર થવાનો ઇનકાર કરી દીધો છે. આ વિશે સંસદિય સમિતિના સુત્રોએ જાણકારી આપી છે. સાંસદ અનુરાગ ઠાકુરની અધ્યક્ષતાવાળી સંસદીય સમિતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર યુઝર્સના અધિકારો‌ની સુરક્ષા મુદ્દે માઇક્રોબ્લોગિંગ સાઇટના અધિકારીઓને અધિકારીઓને બલાવ્યા હતા.

સમિતિએ ટ્વીટરને ૧ ફેબ્રુઆરીએ સત્તાવાર પત્રના માધ્યમથી સમન્સ જાહેર કર્યું હતું. જેમાં ટ્વીટરના અધિકારીઓને હાજર રહેવા માટે ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો જો કે ટ્વીટરે આ સમયને ઓછો ગણાવ્યો.

આતંકી હાફિઝ સઈદના સંગઠન વિરુદ્ધ ઈડીએ એફઆઈઆરના આધારે કેસ નોંધાયો

ઇસ્લામાબાદ

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના આતંકી સંગઠન ફલાહ-એ-ઈન્સાનિયતની વિરૂદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટે PMLA અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો છે. હવાલા મારફત મની લોન્ડ્રિંગમાં સામેલ હોવાના કારણે પાકિસ્તાનના આ આતંકી સંગઠન પર મામલો નોંધાયેલો છે. આ કેસ રાષ્ટ્રીય તપાસ એજન્સીની એફઆઈઆરના આધારે નોંધવામાં આવ્યો છે. ઈડીએ કહ્યું છે કે આતંકી સંગઠન મની લોન્ડ્રિંગ મારફત નાણાંનો ઉપયોગ ભારતમાં અશાંતિ ફેલાવવા માટે કરી રહ્યું છે.

કેન્દ્રીય એજન્સીએ કહ્યું છે કે તેણે ફલાહ-એ-ઈન્સાનિયતની વિરૂદ્ધ પોતાના દ્વારા કેસ નોંધવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક FIRને સંજ્ઞાનમાં લીધી છે.

NIA દ્વારા આ મામલે પહેલા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતુ. અને ચાર ડઝનથી વધુ સીમ કાર્ડ, ફોન અને ૧.૫૬ કરોડ રૂપિયાની શંકાસ્પદ રકમ કબ્જે કરી હતી. સાથે જ આ મામલે ચાર લોકોની ધરપકડ પણ કરી.







સણીયા હેમાદની ખાડીમાં ન્હાવા પડેલા બે છોકરા ગુમ

સુરત ફાયર બ્રિગેડના લાશ્કરોએ ખાડીના પાણીમાં શોધખોળ શરૂ કરી

સુરત

આજે બપોરે સાડા બાર વાગ્યાના સુમારે સણીયા હેમાદગામ નજીક ટ્રાન્સપોર્ટ ગોડાઉન નજીક નહેરમાં ન્હાવા પડેલા બે છોકરાઓ ખાડીમાં તણાઈ જતા ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે બપોરે સાડા બાર વાગ્યાના સુમારે સણીયા હેમાદ ગામની ખાડીમાં ૨ છોકરાઓ તણાયા હોવાની જાણ થતા ડુંભાલ અને ડીંડોલી ફાયર સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે રવાના થયો હતો. ખાડી કિનારે કેટલાક છોકરાઓ ઉભા હતા તે પૈકી ન્હાવા પડેલા બે છોકરા ગુમ થતા તેમના તણાઈ જવાની શક્યતા સેવાઈ રહી છે. બપોરે આ અહેવાલ લખાય છે ત્યાં સુધી ફાયરની ટીમ સ્થળ પર પહોંચી શોધખોળ હાથ ધરી છે.

પલસાણામાં મોટર સાયકલ સ્લીપ થતા ચાલકનું મરણ

વાંકાનેડા ગામે નહેર રોડ પર અકસ્માત

કડોદરા

પલસાણા તાલુકાના વાંકાનેડા ગામે આવેલ નહેરની સામે રોડ પર મોટર સાઈકલ ચાલકે પોતાની મોટર સાઈકલ બેફામ હંકારતા સ્લીપ ખાઈ જતા શરીરે ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ચલથાણમાં સ્વસ્તિક નગરમાં રહેતાં સંજયભાઈ અમરતભાઈ દેસાઈ ઉ.વ.૫૦ બપોરે પોતાના કબજાની જીજે-૫-એસી-૨૬૪૯ નંબરની મોટર સાઈકલ પર સવાર થઈ નીકળ્યા હતા. ત્યારે વાંકાનેડા ગામે નહેરની સામે આવેલ રોડ પરથી પસાર થતી વખતે મોટર સાઈકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારતા ગાડી સ્લીપ ખાઈ ગઈ હતી. જેથી માથામાં ગંભીર ઈજા થતા તેમનું ઘટના સથળે મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ધારાધોરણ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

કતલખાને લઈ જવાતા ગાય-વાછરડાનો ઉગારો

સુરત

મહુવા પોલીસે ગઈકાલે અંધાત્રીની મુડત જતા નહેર પરથી ગાય અને વાછરડાને ટેમ્પોમાં ભરી કતલખાને લઈ જતા ડ્રાઈવર અને ક્લીનરને ઝડપી પાડયા હતા.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા પોલીસે ગઈકાલે બાતમી આધારે મુડત ગામે પ્રવીણ દુરસિંગ ચૌધરીના ખેતર સામે આવેલી અંધાત્રીથી મુડત જતા નહેર ઉપર ખાનગી રાહે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન પોલીસે ટેમ્પો નંબર જી-જે-૧૯ એક્સ ૨૯૭૬માં ભરી કતલખાને લઈ જવાતી ગાય અને વાછરડાને ઉગારી લીધા હતા તેમજ ડ્રાઈવર દિલીપરામ પ્રતાપ સિંગ રાઠોડ (રહે. દસ્તાન માંડવી ફળિયુ, તા. પલસાણા, જિ. સુરત) તથા ક્લીનર જયેશ રણછોડભાઈ રાઠોડ (રહે. દસ્તાન પચાસ ગાળા ફળીયું, તા. પલસાણા, જિ. સુરત)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

કોસંબામાં ગંજીપાનાનો જુગાર રમતા ૭ ઝડપાયા

સુરત

કોસંબા પોલીસે જૂના કોસંબા વડ ફળિયામાં રેડ કરી જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમતા ચાર લોકોને ઝડપી પાડયા હતા અને ચાર મોબાઈલ તથા રોકડ મળી કુલ રૂા. ૩૧૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કોસંબા પોલીસે બાતમીના આધારે ગઈકાલે સાંજે જૂના કોસંબા વડ ફળિયામાં રેઈડ કરી હતી. રેડ દરમિયાન પોલીસે જાહેરમા જુગાર રમતા જાકીર હુશેન ગુલામ દસ્તગીર શેખ, નવીન પાનિયાભાઈ વસાવા, ભરત સતીલાલ સૂર્યવંશી, તથા અહમદ ઉર્ફે બાબુ દરાખ કરીમ મલેકને ઝડપી પાડયા હતા. આ ઉપરાંત પોલીસે ચાર મોબાઈલ, રોકડ તથા ગંજીપાના મળી કુલ રૂા. ૩૧૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આત્મવિશ્વાસ હેલ્પલાઈન

મનોચિકિત્સકો વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરશે

વલસાડ

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનારા પરીક્ષાર્થીઓ પરીક્ષ બાબતે માનસિક ડર, હતાશા, ચિંતા, ઉન્માદ અનુભવતા હોય છે. માર્ચ-૨૦૧૯માં લેવાનારી પરીક્ષાના પરીક્ષાર્થીઓને આ પ્રકારના લક્ષણો અને મૂંઝવણ નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તણાવમુક્ત તેમજ હકારાત્મક વલણ સાથે કારકિર્દીની સીમાચિન્હરૂપ જાહેર પરીક્ષામાં જવલંત સફળતા મેળવે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આત્મવિશ્વાસ હેલ્પલાઈન તા.૭મી ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી છે. જે હેલ્પલાઈનમાં મનોચિકિત્સક તરીકે જી.એ મ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજના ડૉ. મનુભાઈ પરમારનો મોબાઈલ નંબર ૯૪૦૮૨૦૦૫૧૯ ઉપર સાંજે ૬-૦૦ થી રાત્રિના ૯-૦૦ દરમિયાન સંપર્ક સાધી શકાશે.

આ ઉપરાંત કાઉન્સેલર તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિવિધ વિષયોના નિષ્ણાતો માર્ગદર્શન માટે રહેશે. જેનું લીસ્ટ https://www.facebook.com/100006304897569/posts/2407676162785857/ લીંક ઉપરથી મળી શકશે. વિદ્યાર્થી અને વાલીઓને આ હેલ્પલાઈનનો ઉપયોગ કરી મૂંઝવતા પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન મેળવવા વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

રેલવેમાં નોકરી આપવાનું પ્રલોભન આપી રૂા. ૪.૨૦ લાખ પડાવી લેવાયા

અમદાવાદ અને તેલંગાણાના બે વ્યકિત વિરુદ્ધ ફરિયાદ

સુરત

રેલવેમાં નોકરી અપાવવાના બહાને તેલંગાણા અને અમદાવાદના વ્યકિત રૂા. ૪.૨૦ લાખની ઠગાઈ કરી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સહારા દરવાજા ઉમરવાડામાં રહેતા વિપિનકુમાર રાકેશભાઈ તિવારીએ આરોપી મોહંમદ અફઝલ અહમદ (રહે. હૈદરાબાદ, તેલંગાણા), દીપક ભાગવતરાવ પાટીલ (અમદાવાદ) વિરુદ્ધ ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીને રેલવેમાં નોકરી અપાવવા માટે ચેકથી અને રોકડાથી રૂપિયા ૪,૨૦,૦૦૦ મળવી ફરિયાદીને નોકરી નહીં અપાવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.બ નાવ અંગે મહિધરપુરા પોલીસ ફરિયાદ નોંધી પો.સ.ઈ. એચ.જે. મુછાળે તપાસ હાથ ધરી છે.

કડોદરામાં પરપ્રાંતિય મહિલાનો આપઘાત

સુરત

કડોદરાના અમૃતનગરમાં આવેલ બિલ્ડિંગના રૂમ નં. ૧માં રહેતા પરપ્રાંતિય મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ધરારાહાજી તોલા થાણા સધોપુર જી. સુપોલ (બિહાર)ના વતની અને કડોદરા અમૃતનગરમાં પ્રિતમીસંગની બિલ્ડિંગ રૂમ નં. ૧માં રહેતા સોમીબેન હાસિક નુરમહમ્મદ શેખ, ઉ.વ. ૩૦ નામની મહિલાએ અગમ્ય કારણે પોતાના ઘરમાં લોખંડની એંગલ સાથે મફલર બાંધી આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે પતિ હાસિમ શેખે કડોદરા પોલીસમાં જાણ કરતા કડોદરા પોલીસે અકસ્માત મોત દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.













કિમના શિવશક્તિ રો હાઉસ પાસે પાર્ક કરેલી કારમાંથી દારૂ પકડાયો

કાર, મોપેડ સાથે બૂટલેગરની ધરપકડ

સુરત

કિમ શિવશક્તિ રો હાઉસના એક મકાન પાસે પાર્ક કરેલી એક હોન્ડા એક્ટિવા કારમાંથી ૭૬૭૬ નંગ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે, પ્રોહીબીશન એકટના ગુનામાં પોલીસે એક બુટલેગરની ધરપકડ કરી હતી અને ત્રણ બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના કિમ ખાતે શિવશક્તિ રો હાઉસમાં ધનંજય ઉર્ફે બંસીસિંહ રાજપૂત રહે છે. તેઓ વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી-કરે છે. ગત દિવસોમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્યના અધિકારીએ તેમના મકાન પાસે પાર્ક કરેલી એક હોન્ડા સિટી કાર (જીજે-૦૫-એમઆર-૧૫૭૪)માં તપાસ કરી બિયર અને દારૂની ૭૬૭૬ નંગ બોટલો કિંમત રૂા. ૪૪ હજાર તથા કાર અને એક્ટિવા વાહનો કબજે કર્યા હતા.

પોલીસે આ ગુનામાં એક બુટલેગરની ધરપકડ કરી હતી. જયારે મહારાષ્ટ્રના ત્રણ બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા. આ ગુનામાં પોલીસે દારૂનો જથ્થો, કાર તથા એક્ટિવા, મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૧૦.૧૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જહાંગીરપુરાના રો હાઉસનું તાળુ તોડી કબાટમાંથી ચોરી

રોકડા રૂપિયા તથા સોના-ચાંદીના ઘરેણાં ચોરાયા

સુરત

જહાંગીરપુરા શશાંક રો હાઉસના એક મકાનમાંથી અજાણ્યા ચોરોએ તાળુ તોડી અંદર પ્રવેશી રોકડા તથા સોના ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ જહાંગીરપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જહાંગીરપુરા વૈષ્ણોદેવી કેનાલ રોડ પર આવેલા શશાંક રો હાઉસ ખાતે હેમંતભાઈ સોમાભાઈ સોલંકી રહે છે. ગત દિવસોની રાત્રે અજાણ્યા ચોરોએ તેમના ઘરનો આગળનો દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી કબાટમાં મુકેલા રોકડા તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ ૪૫ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જહાંગીરપુરા પોલીસ મથકે હેમંતભાઈ સોલંકીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ફરિયાદીનું નિવેદન નોંધી સીસીટીવી ફુટેજ એકત્ર કર્યા છે.

માતા રમાઈ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે મહિલા જાગૃતિ સંમેલન યોજાયું

સુરત

ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ ઉત્રાણ-અમરોલી-કોસાડ વરીયાવ વિભાગ સુરત શહેર દ્વારા ભારતીય બંધારણના ઘડવૈયા પ.પૂ. ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની જીવન સંગીની ત્યાગમૂર્તિ માતા રમાઈ ભીમરાવ આંબેડકરજીની ૧૨૧મી જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે ઉત્રાણ કોમ્યુનિટી હોલ ખાતે સુરત મ્યુનિસિપલ નગરસેવિકા આયુષ્યમતિ ગીતાબેન સોસાના અધ્યક્ષ સ્થાને તેમજ સાવિત્રીબાઈ ફુલે વિદ્યાલય આચાર્ય સુજાતાબેન સુરેશ સોનવણે, કસ્ટમ સુપ્રિટેન્ડન્ટ સર્મિષ્ઠાબેન વિજય પવાર, સામાજિક કાર્યકર વર્ષાબેન કંથારીયા, ઉત્રાણ માજી. સરપંચ અભેસિંહ બારડ, કોળી સમાજના રાષ્ટ્રીય મહાસચિવ મનુભાઈ ચાવડા, ગુજરાત લઘુમતિ બોર્ડના માજી સદસ્ય કાશીનાથ સીરસાઠ, યુવાનેતા કૃણાલ સોનવણે, કામદાર નેતા દશરથભાઈ નાગર, રાજારામ પવાર, માજી સ્થાયી સમિતિ સભ્ય સુરેશ સોનવણેના મુખ્ય મહેમાન પદે મહિલા જાગૃતિ તૃતીય સંમેલન યોજાયું. આ પ્રસંગે ભીમગીતોનો કાર્યક્રમ તેમજ ભોજનદાન કાર્યક્રમ યોજાયો હતો. મહિલા જાગૃતિ તૃતીય સંમેલનમાં સમાજહિત માટે ત્યાગ બલિદાન આપનાર મહિલાઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદના પ્રમુખ દિલીપભાઈ સીરસાઠે કર્યું હતું.

ચીખલીમાંથી નિવૃત્ત શિક્ષિકાના ગળામાંથી અછોડો તોડાયો

ધોળા દિવસે અછોડાતોડો વૃદ્ધ મહિલાને લૂંટી ગયા

નવસારી

ચીખલીના મલીયાધરા કુવા ફળીયાથી ધેજ જતા રસ્તા ઉપરથી પસાર થતા નિવૃત્ત શિક્ષિકાના ગળામાંથી બે અજાણ્યા ચેન સ્નેચરો ધોળે દિવસે ત્રણ તોલા વજનનો સોનાનું મંગળસૂત્ર કિંમત રૂા.૮૪૦૦૦નું તોડી ધૂમ સ્ટાઈલમે ફરાર થઈ જતા ચકચાર મચી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર નવસારીનાં ચીખલી તાલુકાના તલાવચોરા ગામે રહેતાં પુષ્પાબેન અમૃતભાઈ પટેલ ઉ.વ.૬૦ નિવૃત્ત શિક્ષિકા પોતાના ઘરેથી ક્યાંક જઈ રહ્યા હતા. તે દરમ્યાન ચલીયાધરાથી ધેજ ગામ તરફ જતા રસ્તા પરથી પસાર થતી વખતે પુષ્પાબેનની મોટર સાયકલ પાછળ લાવી અજાણ્યા મોટર સાયકલ પર આવેલા બે ચેઈન સ્નેચરોએ પાછળથી પુષ્પાબેને ગળામાં પહેરેલ સોનાનું પાન આકારનું ડીઝાઈન વાળુ અંદાજે ત્રણ તોલા વજનનું સોનાનું મંગળસૂત્ર કિંમત રૂા.૮૪૦૦૦ તોડી લઈ ધૂમ સ્ટાઈલે ફરાર થઈ ગયા હતા. પુષ્પાબેને ચોર ચોરની બુમાબુમ કરી મુકી હતી. પરંતુ બંને અજાણ્યા ચેન સ્નેચર ચોરટાઓ મોટર સાઈકલ પર ધૂમ સ્ટાઈલે ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ચીખલી પોલીસમાં પુષ્પાબેન પટેલે બે અજાણ્યા મોટર સાઈકલ પર આવેલા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અંગેની વધુ તપાસ પીએસઆઈ કે.એમ. વસાવા કરી રહ્યા છે.

કાઈમ બ્રાન્ચ પોલીસે બે રીઢા વાહન ચોરોને ઝડપી પાડ્યા

રાંદેરમાંથી ચોરાયેલી એક બાઈક પોલીસે કબજે કરી

સુરત

ડીસીબી પોલીસે બે રિઢા વાહન ચોરની ધરપકડ કરી રાંદેર વિસ્તારમાંથી ચોરાયેલી મોટર સાયકલના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ડીસીબી પોલીસે બાતમીના આધારે આરોપી અલ્પેશ મનુ લાખાણી રહે. ગ્રીન પાર્ક, સોસાયટી, ત્રિકમનગર, વરાછા, મિતેશ ઉર્ફે કાનો પરસોત્તમ ઉર્ફે દાસભાઈ ઘરસંડિયા રહે. પાસોદરાની ચોરીની મોટર સાયકલ સાથે ઝડપી પાડ્યા હતા. આરોપી ચોરોએ આ મોટર સાઈકલ રાંદેર પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી હતી. ડીસીબી પોલીસે આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

માંડવીમાં રેતીખનન કૌભાંડમાં આખરે ફોજદારી ગુનો દાખલ થયો

૨૩ નાવડી, ટ્રક અને જેસીબી મશીન દ્વારા ગેકાયદે રેતીખનન કરાયું હતું

સુરત

ભુસ્તર વિભાગ દ્વારા અગાઉ માંડવી તાલુકાના બલાલતીર્થ ગામે તાપી નદીમાંથી રેતી ખનન કૌભાંડ ઝડપી પાડયું હતુ. તેમજ ગઈકાલે ટ્રક, જેસીબી અને નાવડીના ચાલક સહિત ૧૨ લોકો વિરુદ્ધ માંડવી પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત શહેરના અઠવાલાઈન્સ સ્થિત જિલ્લા સેવા સદન-૨માં આવેલી ભૂસ્તર વિભાગની કચેરી દ્વારા ગઈ તારીખ ૬-૧૦-૧૮ના રોજ માંડવી તાલુકામાં આવેલા બલાલ તીર્થ ગામે તાપી નદીમાંથી રેતીખનન કૌભાંડ ઝડપી પાડયું હતું અને આ કૌભાંડમાં સંડોવાયેલા ટ્રક નંબર જીજે-૧૩-ડબલ્યુ-૭૭૭૭, જીજે-૫-યુયુ-૪૪૩૪, જજે-૧૬-૮૬૩૦, ટ્રક નંબર જીજે-૫-બીટી-૬૫૧૦, જીજે-૧૯ એક્સ- ૧૮૩૯, જીજે-૫-એઝેડ-૪૪૧૬,જીજે-૫-વાય-વાય-૬૮૪૭, મા મેલડીક કાર્ટિંગના ટ્રક, જેસીબી મશીનના માલિક, બાર્જ નાવડાના માલિક, તથા ૨૩ જેટલી યાત્રિક નાવડીઓના માલિક વિરુદ્ધ ગઈકાલે માંડવી પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ ભૂસ્તર શાસ્ત્રી જવલંતભાઈ પરસોત્તમભાઈ ઓઝાએ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

સૈયદપુરાથી વિધવા મહિલાના હત્યા કેસમાં પોલીસની ચારે કોર તપાસ

ડીસીબી અને પીસીબી પોલીસ પણ તપાસમાં જોડાઈ

સુરત

સૈયદપુરા કાકડા શેરીની ૪૦ વર્ષીય રહેમત ફે રેશમા શાસ્ત્રીની થયેલા ઘાતકી હત્યા પ્રકરણમાં હજુ સુધી પોલીસ હત્યારાના સગડ મેળવવામાં નિષ્ફળ ગઈ છે. બે દિવસ પહેલાં બનેલી આ ઘટનામાં લાલગેટ પોલીસ મથકના પીઆઈ પાટીલ ચારેકોર તપાસ કરી રહ્યાં છે. આજુબાજુના સીસીટીવી ફૂટેજ તેમજ મૃતકના મોબાઈલ ફોનની ડિટેલ પણ ચકાસવામાં આવી રહી છે. તેમજ લાલગેટ પોલીસે મૃતકની સાથે પરિચીત ધરાવનારા સહિતનાની સઘન પૂછપરછ કરી હતી. પરંતુ હજુ સુધી હત્યારા અંગેના કોઈ સગડ સાંપડ્યા નથી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લાલગેટ પોલીસ સહિત ડીસીબી, પીસીબીની પોલીસ ટીમ પણ આ હત્યાનો ભેદ ઉકેલવા માટે દોડી રહી છે.

રાંદેર તાડવાડીમાં વૃધ્ધ મહિલાના ગળામાંથી અછોડાની ચીલઝડપ

સુરત

રાંદેર તાડવાડી પાસે આધેડ મહિલાના ગળામાંથી રૂા. ૮૫ હજારની કિંમતની સોનાની ચેઈન ચીલઝડપ થઈ હોવાથી ફરિયાદ રાંદેર પોલસ મથક નોંધાઈ હતી.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગત તા. ૮મીના રોજ રાત્રે આઠેક વાગે તાડવાડી મેરૂલક્ષ્મી શિવ ઓમનગરમાં રહેતા નયનાબેન બિપીનચંદ્ર વ્યાસ (ઉ.વ. ૬૨)ના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ થઈ હતી.બે અજાણ્યા મોટર સાઈકલ સવાર વિરુદ્ધ રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવ તાડવાડી મેરૂલક્ષ્મી મંદિર નજીક બન્યો હતો.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને જોઇતુ નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવાનુ વ્યાજબી વળતર પેકેજથી
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
માત્ર ૫૫૦/-માં PLAN - A
LEVEL INCOME
1st 80/-
2nd 60/-
3rd 50/-
4th 40/-
5th 30/-
માત્ર ૩૦૦૦/-માં PLAN - B
LEVEL INCOME
1st 600/-
2nd 400/-
3rd 300/-
4th 200/-
5th 100/-
6th 50/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો ઘનંજય ઝવેરી 7575006847-48 શરદ જાદવ 7575006849 રવિ પટેલ 7574888860 અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે
SM | કોર્સનું નામ | પ્રવેશ લાયકાત
૧ | ડીપ્લોમા ઓફ નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ) | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨ | જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩ | ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ
-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપને ભૂલશો નહી
આંખમાંથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઇ દિકરામાં રામ-શ્રવણ અને કોઇ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર શ્રી અશ્વિનભાઇ ભાઇશંકરભાઇ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર સમય:- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સાનીધ્યે રહેવાની મજા આજવા ગ્રીન રીસોર્ટ AC/NON AC ROOMS
તદ્દન નવી રાઈડ્સ સાથે કારટ્રુડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

તિલકવાડા તાલુકાના વોરા ગામે કેનાલમાં ગાબડું પડતા પાણી ખેતરમાં ઘૂસી ગયા: લાખોના પાકને નુકશાન

તંત્રને જાણ હોવા છતાં બે દિવસ બાદ પણ કોઈજ પગલાં લેવાયા નથી, ખેડૂઓમાં આક્રોશ: હજારો એકર ખેતીમાં જુવારના પાકને ભારે નુકસાન થતાં ખેડૂતો રોષે ભરાયા





રાજપીપળા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વોરા ગામની કેનાલમાં ગાબડું પડતા ખેડૂતોનાં ખેતરમાં પાણી ફરી વળતાં જુવારના પાકને ભારે નુકશાન થયુ છે. તેના કારણે ખેડૂતો રોષે ભરાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તિલકવાડા તાલુકાના છેવાડાના વોરા ગામે કેનાલમાં ભંગાણ પડતા ખેૂતોનાં ખેતરમાં પાણી ગરકાવ થયું હોય આ બાબતની તંત્રને જાણ કરવા છતાં શનિવારે બપોર સુધી પણ તંત્ર દ્વારા કોઈજ પગલાં ન લેવાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો કેનાલમાં ગાબડાનાં કારણે સૌથી વધુ જુવારના ાકને ારે નુકસાન થયુ છે. ત્યારે જાણવા મળ્યા મુજબ આ બાબતે સિંચાઈ વિભાગને ટેલિફોનિક જાણ કરવામાં આવી હોવા બે દિવસ વીતી જવા છતાં પણ તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં નથી આવી આ તરફ કેનાલોમા વારંવાર આવી તકલીફ ઉભી થાય છે અને મોટા ભાગે કેનાલો તુટી ગઇ છે જેના કારણે ખેતરોમાં પાણી ફરી વળે છે. ત્યારે આ બાબતે ખેડૂતો એ સિંચાઈ વિભાગમાં ઘણીવાર કેનાલોની યોગ્ય મરામત માટે રજૂઆતો કરી છે પણ આજદિન સુધી કોઇ અધિકારી અહીયા ભારવા આવ્યા નથી જેના કારણે ખેડૂતોના કિંમતી પાકને વારંવાર નુકશાન થાય છે હાલમાં ખેતરમાં જવાના રસ્તાઓ પર પણ પાણી ભરાઇ જતા ખેડૂતો ખેતરમાં પણ ન જઈ શકે તેવી પરિસ્થિતિ છે.

સરકાર દ્વારા ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે કરોડો રૂપિયા કેનાલો માટે ફાળવવામાં આવે છે.પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં તંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મીલીભગત ના કારણે માત્ર કાગળ પર રીપેરેસન કે અન્ય કામગીરી બતાવવામાં આવે છે પરંતુ હકીકતમાં ત્યાં કોઈજ કામ થતા નથી જેના કારણે ધરતીપુત્રોના કિંમતી પાકને નુકશાન થાય છે અને આખરે દેવામાં ડૂબેલા ખેડૂતો આત્મહત્યા જેવા પગલાં ભરે છે.

કેનાલમાં કોઈ ગાબડું પડ્યું નથી : આર સી પંચાલ

આ બાબતે વોરા તરફનો કેનાલનો ચાર્જ સંભાળતા નર્મદા સિંચાઈ વિભાગના ચાર્જ કારકુન આર સી પંચાલે જણાવ્યું કે વોરા ગામ તરફ ખેડૂતોના અંદરોઅંદર ના ઝગડાના કારણે અમુક લોકો કેનાલો પર પાળિયા બનાવી દઈ આગળ પાણી જતું અટકાવે છે જેના કારણે પાણી બહાર વહેતુ જોવા મળે છે બાકી ત્યાં કોઈ ગાબડું નથી પડ્યું મને આજે જ અધિકારીએ આ બાબતે જાણ કરી છે હજુ હું ત્યાં ગયો નથી પણ કોઈ ગાબડું કે ભંગાણ નહિ હોય આ તરફ હું એકલોજ ફરજ પર છું મારી પાસે ૧૫ ગામડા એન્ડ ૬ માઈનર કેનાલનો ચાર્જ હોય હું ત્યાં જોવા હજુ જઈ શક્યો નથી .

પંચાલની વાત કંઈક વિચિત્ર લાગી કેમકે ફરિયાદ આવ્યા બાદ હજુ એ સ્થળ પર ગયા નથી છતાં એમ જણાવે છે કે ત્યાં ગાબડું નથી ફક્ત અંદરોઅંદરની માથાકુમા પાણી ભાર આવ્યું છે ત્યારે આવો જવાબ વગર જોયે એ કઈ રીતે આપી શકે ...?!

અધિકારીઓને ફોન કરતા અધ્ધર જવાબ આપે છે: રિયાઝ રાઠોડ, ખેડૂત, (વોરાગામ)

વોરા ગામના ખેડૂત રિયાઝભાઈ રાઠોડે જણાવ્યું કે અમારા ખેતરોમાં બે દિવસથી પાણી ફરી વળાં જુવારના પાકને ભારે નુકસાન થયુ છે. તંત્રના અધિકારીઓને ફોન કરીએ છે તો અધ્ધર જવાબ મળે છે જો અમારી કેનાલોનું યોગ્ય કામ નહીં થાય તો ન છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવું પડશે માટે વહેલી તકે તંત્ર દ્વારા કેનાલોનું સમારકામ કરાય તેવી ખેડૂતોની માગ છે.

તિલકવાડા મહાત્મા ગાંધી એકલવ્ય સ્કૂલની ગણિત વિજ્ઞાનની કૃતિઓ ત્રીજી વાર રાજ્યકક્ષાએ પહોંચી

નર્મદા જિલ્લાના આદિવાસી વૈજ્ઞાનિક બાળકોએ નર્મદા જિલ્લાનું નામ રાજ્ય કક્ષાએ શૈક્ષણિક જગતમાં રોશન કર્યું



રાજપીપળા : ભુજ ખાતે જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત ૪૬મુ રાજ્ય કક્ષાનું પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮/૧૯ યોજાયું હતું. નર્મદા જિલ્લાની મહાત્મા ગાંધી એકલવ્ય સ્કૂલ તિલકવાડા સ્કૂલે પણ ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં તિલકવાડા મહાત્મા ગાંધી એકલવ્ય સ્કૂલના કિંજલ વસાવા, જૈમીની વસાવા, રમેશ તડવી, દિનેશ વસાવા તથા દિવ્યા વસાવા દ્વારા તૈયાર કરાયેલ કૃતિ પાસ્કલનો ત્રિકોણ અને કુદરતી ખાતર દ્વારા થતી સજીવ ખેતીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને જિલ્લા પસંદગી પામી હતી.

જ્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તાલુકા કક્ષાએ કાર્બનિક કચરાનાં કંપોઝ ખાતર લીલો પડવાશ અને પશુઓના મળ-મૂત્રનો ઉપયોગ, ૨૧મી સદીનું કલ્પવૃક્ષ સરગવો અને જૈવિક રીતે વિઘટન થઈ શકે તેવા સેનેટરી પેકીન એમ ત્રણ કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાઈ હતી.આ ત્રણ કૃતિ તાલુકા કક્ષાએ પ્રથમ આવીને જિલ્લા કક્ષાએ પસંદગી પામી હતી.જિલ્લા કક્ષાએ કુલ ૭૦ કૃતિમાંથી મહાત્મા ગાંધી ગ્લોબલ ઈન્ડિયન એકલવ્ય સ્કૂલની ત્રણ કૃતિઓ રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮-૧૯માં પસંદગી પામી હતી. જે નર્મદા જિલ્લા માટે ગૌરવની બાબત છે. ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ મહાત્મા ગાંધી એકલવ્ય સ્કૂલ તિલકવાડા ઈતિહાસમાં એક મોટી સિદ્ધિ છે કે સૌ પ્રથમ વખત એક સાથે ત્રણ કૃતિઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે. સાથે સાથે નર્મદા જિલ્લામાં પણ આ સૌ પ્રથમ વખત ઘટના બની છે.આ ત્રણ કૃતિના વૈજ્ઞાનિક વિદ્યાર્થીઓમાં વસાવા અંકિત, રાઠોડ રાજ, અક્ષય વસાવા, આકાંક્ષા વસાવા, મનિષા ભગત, નૂતન વસાવા, સંધ્યા વસાવા, નિકિતા વસાવા,અને શીતલે ગોહિલનો સમાવેશ થાય છે. આ શાળાએ સતત ત્રીજી વખત પોતાની ગણિત વિજ્ઞાનની કૃતિઓ રાજ્યકક્ષાના પ્રદર્શનમાં પહોંચાડી નર્મદા જિલ્લાનું ગૌરવ શૈક્ષણિક જગતમાં વધાર્યું છે.

શાળાના શિક્ષક રણવીર સિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી આ કૃતિઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામતા આચાર્ય વિમલ મહેતાએ બાળ વૈજ્ઞાનિક વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

દક્ષિણ ગુજરાત ફરી ઠંડીમાં ઠુંઠવાયું નવસારી, ૭ વલસાડમાં ૯ ડિગ્રી

સુરત

જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં હિમવર્ષા તથા દિલ્હીમાં કમોસમી વરસાદની લીધે ઉત્તર ભારતથી ફૂંકાતી શીતલહેરની અસરથી રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે દક્ષિણ ગુજરાતમાં દિવસ દરમિયાન પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. હવામાન વિભાગ દ્વારા આવતીકાલે રવિવારે વધુ ઠંડીનો અનુભવ થાય તેવી શક્યતા વ્યક્ત કરી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૨.૮ અને ન્યુનત્તમ તાપમાન ૧૨.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૯.૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ઠંડીનું જોર વધ્યું છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૭.૧ ડિગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે ન્યુનત્તમ તાપમાન ૯ ડિગ્રી નોધાયું છે. જે ગતરોજ ૯.૬ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શીતલહેરની અસર વર્તાતા સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. રાત્રે અને મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયા બાદ દિવસ દરમિયાન પણ ઠંડીની અસર જોવા મળી હતી. બપોરના સમયે તડકાં પણ ઠંડી અનુભવાતા શહેરીજનો ઠુંઠવાયા હતા. હવામાન વિભાગના દ્વારા રાજ્યમાં આવતીકાલે રવિવારે વધુ પારો ગગડે અને આજ કરતા વધારે ઠંડી અનુભવાય તેવી આગાહી કરી છે. આજે રાજ્યમાં સૌથી વધુ ઠંડી પ.૮ નલીયામાં, ૬.૪ ગાંધીનગરમાં, ૬.૬ ડીસામાં અને ૭.૦ નવસારીમાં નોંધાઈ છે.

કડોદરામાં ટેન્કર ખાલી કરતા ઝેરી કેમિકલમાં ગુંગળાતા બેના મોત : એકની હાલત ગંભીર

પોલીસ પેટ્રોલિંગ વખતે ત્રણ લોકો બેહોશ હાલતમાં મળી આવ્યા : તબીબોએ બેને મૃત જાહેર કર્યા

સુરત

ચલથાણ ગામમાં ગોકુળધામ સોસાયટી પાસે ટેન્કરમાંથી કેમિકલ ખાલી કરતી વખતે ગુંગળામણ થતા ત્રણ લોકો બેભાન હાલતમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળી આવ્યા હતા જે પૈકી બેને સંજીવની હોસ્પિટલના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. જ્યારે ત્રીજો વ્યકિતને સારવાર માટે સ્મીમેર ખસેડાયો છે.

કડોદરા પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચલથાણ ગામમાં ગોકુળધામ સોસાયટી પાસેથી મોડી રાત્રે ટેન્કર નં. જીજે-૦૨-ઝેડ-૭૯૨૭ પાસે ૩ લોકો બેભાન હાલતમાં મળી આવ્યા હતા. પોલીસની નાઈટ પેટ્રોલિંગ દરમિયાન આ દુર્ઘટનાની જાણ થતા સારવાર માટે પ્રથમ ચલથાણ સૂજીવની હોસ્પિટલ લઈ જતા બે લોકોને મૃત જાહેર કરાયા હતા. જ્યારે ત્રીજા વ્યકિતને વધુ સારવાર માટે સુરત સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વધુમાં મળતી માહિતી મુજબ આ દુર્ઘટના માટે કેમિકલ ભરેલ ટેન્કર ગેરકાયદે ખાડીમાં ખાલી કરતી વખતે ગેસ લીકેજથી ગુંગળામણ થતા ત્રણે કર્મચારીઓ બેભાન થયા હોવાની શક્યતા છે.

અલથાણ હોસ્પિટલના ડો. હીરેન ટેલર દ્વારા ભગવાન રેવા ભરવાડ ઉ.વ. ૩૬ રહે. અલથાણ કે.વી. મહેતા સ્કૂલની નજીક ભરવાડની ચાલ તથા ભર મેયા સાશિયા ઉ.વ. ૩૬ રહે. સચીન પારડી ગામ બાપા સીતારામ મિલની પાછળ, લક્ષ્મીનગર સોસાયટી હોવાનું જાણવા મળ્યું છે. કડોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભગવાન અનેભ રતના મૃતદેહનું પોસ્ટમોર્ડમ થયા બાદ તેમના મોતનું સાચુ કારણ જાણવા મળશે. ત્રીજો વ્યકિત બેભાન હાલતમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે તે ભાનમાં આવ્યા બાદ ઘટના અંગેની વધુ માહિતી જાણવા મળશે. કેમિકલ ભરેલ ટેન્કર અંકલેશ્વર વાપીથી સુરત જિલ્લાની ખાડીમાં ગેરકાયદે ખાલી કરવાની ઘટનામાં આ દુર્ઘટના સર્જાઈ છે.

પારડીમાંથી નિમખલ લાલુભાઈ ગુમ

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના નીમખલ, પટેલ ફળિયામાં રહેતા લાલુભાઈ તા.૨૯/૧/૧૯ના રોજ સાંજે સાડા છ વાગ્યાની આસપાસ પારડી ચાર રસ્તા ખાતે મનોજભાઈ મોહનભાઈ પટેલના ટેમ્પોમાંથી ઉતર્યા બાદ કોઈને કંઈપણ કહ્યા વગર જતા રહ્યા છે, જે આજદિન સુધી ઘરે પરત આવ્યા નથી. ગુમ થનારની ઉંમર ૩૮ વર્ષ, ચાઈ ૫.૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, મોઢું લંબગોળ, પાતળો બાંધો, શરીરે લાંબી બાંયનો કાળા કલરનો સફેદ ટપકાવાળો શર્ટ તથા ચોકલેટી કલરનું સ્વેટર પહેર્યું છે. કમરે બ્લ્યુ કલરની જીન્સ પેન્ટ તથા પગમાં સ્લીપર પહેરી છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા બોલે છે.

રૂદરપુરાના ઘરમાં તસ્કરોનો હાથફેરો

રૂદરપુરા એ વન એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૨૦૨માંથી અજાણ્યા તસકરો રોકડા રૂપિયા ૧૫૦૦૦, સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૩૮૨૦૦ની મતા ચોરી કરી ગયા હતા. બનાવ અંગે ઘરમાલિક અજમલ સલીમ શેખે અઠવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અઠવા પોલીસે તપાસ હાથ ધરી હતી.





કૈલાશનગર જૈન સંઘમાં વધુ ચાર મુમુક્ષુઓનું સંયમના માર્ગે પ્રસ્થાન



૪ મુમુક્ષુએ વીર સંન્યાસવાટિકામાં પ્રવેશ કરતા ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઈ ગયું

સુરત

શ્રી કૈલાશનગર જૈન સંઘમાં પેશુઆ (રાજ) નિવાસી લીલાવતીબેન હિંમતમલજી કોઠારી પરિવાર આયોજિત દીક્ષા મહોત્સવના ત્રીજા દિવસે, દીક્ષા દાનેશ્વરી આ.શ્રી ગુણરત્ન સૂરિ યશોરત્ન રશ્મિરત્ન, રવિરત્ન, સંયમરત્ન, મલયકીર્તિ, મુનીશરત્ન સૂરિ, પં.અપરામત આદિ ૩૦૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશમાં ૪ મુમુક્ષુએ વીરસંન્યાસવાટિકામાં પ્રવેશ કરતા ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઈ ગયું પછી જેમાં યોદ્ધા યુદ્ધમાં વિજય મેળવવા માટે વિજય તિલક કરાવે તેમ ચાર મુમુક્ષુઓએ કર્મરાજાને હરાવવા વિજય મેળવવા વિજય તિલક કરાવ્યું. પછી પરમાત્માની પુષ્પો અને આભૂષણો વડે અંતિમ દ્રવ્ય પૂજા કરી પછી સંસાર સમુદ્રને પાર પામવા માટે પરમાત્મા સમક્ષ ગુરૂભગવંતોએ દીક્ષાની મંગલદિશા કરાવી પછી દેવ ગુરુ ચતુર્વિધ સંઘ સમક્ષ ઉત્સાહ ઉમંગ ઉલ્લાસથી જોરશોરથી ત્રણ આદેશ માંગ્યા હતા.

મમ મુંડાવેદ-હે ગુરૂદેવા! મારા મન વચનનું કાયાનું મુંડન કરો. મને મનરહિત બનાવો.

મમ પવ્વાવેહ - હે ગુરૂદેવ! મને ગુરૂ ગૌતમ અને ચંદનબાલાનું રજોહરણ આપો.

મમ વેસં સમબેહ- હે ગુરૂદેવ! મને પ્રભુ મહાવીરના ગૌતમસ્વામી અને ચંદનલાલાનો બ્રાન્ડેડ વેષ આપો. આ ત્રણ આદેશ માંગ્યા પછી સિંહાસન પરથી ઉભા થઈ દાનેસ્વરી આ. ગુણરત્ન સૂરિએ ચારે મુમુક્ષુઓને ક્રમશઃ ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૪મું રજોહરણ અર્પ્યું. ત્યારે મુમુક્સુઓ મન મૂકીને નાચી ઉઠ્યા સાથે સાથે મંડપમાં રહેલા સેંકડો લોકો હિલોલે ચડી નાંચી ઉઠ્યા અને નારા બોલ્યા. મારો ભાઈ દીક્ષા લે વાહ ભાઈ વાહ, મારી બેની દીક્ષા લે વાહ ભઈ વાહ, દીક્ષાર્થી અમર રહો, દીક્ષાર્થીનો જયજયકાર સાથે સંગીતકારોએ યૌવન વયમાં સુખ છોડનારા મહાન અને સંયમ આજે મળયું ગીતની ધૂન મચાવી. પછી ચારે મુમુક્ષુઓએ ગુરૂ ગૌતમ અને ચંદનબાલાનો વેષ ધારણ કરી વીર સંન્યાસ વાટિકામાં પ્રવેશ કરતા હજારો લોકો નારા બોલ્યા. નૂતન દીક્ષિત અમર રહો ના નાદથી મંડપ ગૂંજી ઉઠ્યો પછી પાત્રાદિ ઉપકરણના ચઢાવા થયા. પછી લોચ થયો. પછી નૂતન દિક્ષિતના નામકરણની વિધિ થઈ હતી.

નર્મદા પોલીસના એક જવાને હિમાલયની ટોચ પર માનવતા મહેકાવી સાધુને બચાવ્યા

હિમાલય ૧૧,૦૦૦ ફૂટની ઉંચાઈએ તપશ્ચર્યા કરી રહેલ સાધુને નર્મદાનાં પોલીસ જવાને બચાવ્યા







રાજપીપળા : નર્મદા પોલીસમાં ફરજ બજાવતા એક જવાને હિમાલય ની કાતિલ બરફ વર્ષ વચ્ચે એક સાધુને મોતના મુખમાંથી ઉગાર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર યોગી પાર્થાનંદ સ્વામી નામના સાધુ છેલ્લા ૫ વર્ષથી સાધના કરવા માટેના શ્રેષ્ઠ સ્થાન હિમાલયમાં ૧૧,૦૦૦ ફૂટની ઉંચાઈએ ચમોલી જિલ્લામાં આવેલ સુભાઈ ગામનાં ભવિષ્ય બદરી મંદિરમાં રહેતા હતા. જોકે આ વર્ષે હિમાલયમાં કાતિલ બરફવર્ષા થઈ.સામાન્યતઃ શિયાળામાં આ વિસ્તારના રહેવાસીઓ અન્ય સુરક્ષિત જગ્યા પર પહોચી જાય છે જેથી બરફવર્ષા થી બચી શકાય. પરંતુ સ્વામી પાર્થાનંદ સ્વામી તો તપશ્ચર્યા કરતા હોય તેઓએ જગ્યા છોડી નહી. બરફવર્ષા એટલી ભયાનક હતી કે, ૫ ફૂટ સુધી માત્ર બરફ જ બરફ.

તાપમાનનો પારો માઇનસ ૩૫ ડીગ્રી સુધી ગગડી ગયો હતો. સ્વામીજી પાસે વધુ પ્રમાણમાં ગરમ કપડાં ન હોય,ઠંડીની સામે રક્ષણ મેળવવુ કઠિન થઈ પડ્યું હતું. જો કે, મોબાઈલ સાથે હતો,પરંતુ ભારે બરફવર્ષાને કારણે લાઈટો ડુલ થતા મોબાઈલની બેટરી લો થઈ હતી. જેથી તેઓએ ગુજરાતના અનુયાયી રમેશભાઈ પટેલ(અમદાવાદ) તથા સાધુઓનો સંપર્ક કર્યો. જેમાં પોઇચા નીલકંઠ ધામના સ્વામી ધર્મસંભવ સ્વામીજીએ આ વાત જાણી ખરાઈ કર્યા બાદ નર્મદા પોલીસમાં વાયરલેસ વિભાગમાં ફરજે તરીકે ફરજ બજાવતા આશિષ ચૌહાણનો સંપર્ક કરીને હિમાલયથી સાધુને બચાવવા જાણ કરી. આમ પણ આશિષના રગેરગમાં ધાર્મિકતા તો ભરપુર હતી જેથી સેવાભાવ પણ વિકસ્યો હતો.આશિષ મૂળ ઈજનેરી શાખાના વિદ્યાર્થી હોય ટેકોલોજી થી માહિર હતા,તેઓએ તાાલિક હિમાલયમાં સ્વામીનો સંપર્ક કરીને મદદની ખાતરી આપીને વેબસાઈટના માધ્યમી ઉતરાખંડ સ્ટેટ પોલીસ કન્ટ્રોલરૂમ નો નંબર પર જોશીમઠ પોલીસ સ્ટેશનનાં જર્ર નેગી નો નંબર લઈને તેઓને જાણ કરી. Sho એ રેસ્કયુ કરવાની ખાતરી તો આપી પરંતુ તેમાં જોખમ વધુ રહેલું હતું. જેથી આશિષ ચૌહાણે પોતાના બનેવી અને ndrf ગાંધીનગર ફરજ બજાવતા ભરત ટાટમીયાને જાણ કરી, અને ndrf ગાંધીનગરના નાયબ કમાન્ડર હિમાંશુ બારડોલે એ ઉત્તરાખંડ સ્ટેટ ડિઝાસ્ટરને જાણ કરી. આખરે સ્થાનિક sp યશવંત ચૌહાણનાં ધ્યાને આ વાત આવતા sdm યોગેન્દ્રસિંહ સાથે મિટિંગ બાદ સાધુને બચાવવા માટે રેસ્કયુ ટીમ મોકલવાનું નક્કી થયું.રેસ્કયુ ટીમ સાંજે ૬ વાગે મિશન પર રવાના થઈ, બરફ અને પર્વત પર ચઢાઈ હોય ટીમને અનેક સમસ્યા નડી, ૫ ફૂટ નો બરફ જામ્યો હતો,અને વાતાવરણ-૩૫ ડીગ્રી હતું,જેથી ૧૧૦૦૦ ફૂટની ઉંચાઈ પર ટિમ ૧૯ કલાકે સ્વામી પાસે ભવિષ્ય બદરી મંદિર પહોંચી તેમનું રેસ્ક્યુ કર્યું. રેસ્ક્યુ બાદ સ્વામીને પહેલા અન્ય આશ્રમ બાદ જોશીમઠ અને હાલ હરિદ્વાર દવાખાને સારવાર અર્થે ખસેડાયા છે. રેસ્ક્યુ બાદ ૪ દિવસે હરિદ્વાર પહોંચી શકાયું,ત્યાં સુધી asi આશિષ ચૌહાણે સતત ઉત્તરાખંડ પોલીસ જોડે સંપર્કમાં રહી સ્વામીને યોગ્ય મદદ અપાવી આ સાધુને બચાવ્યા હતા.

અંતિમ શ્વાસ સુધી મારુ કર્તવ્ય બજાવતો રહીશ

આશિષ ચૌહાણ નર્મદા પોલીસમાં વાયરલેસ વિભાગમાં asi તરીકે ફરજ બજાવે છે. ત્યારે આશિષ ચૌહાણે જણાવ્યું કે, ભગવાનની કૃપા અને માં બાપના સંસ્કારથી ભક્તિ અને સમાજસેવા કરું છું. અને અંતિમ શ્વાસ સુધી મારુ કર્તવ્ય બજાવતો રહીશ.











